
Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

Vol. No. 27, Issue No. 09 10th June, 2023 Annual Subscription Rs. 50=00
વર્ષ : ૨૭, અંક : ૦૯ ૧૦મી જૂન, ૨૦૨૩ વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦



પૂજ્ય શ્રીમોટાની સેવામાં શ્રી રમેશ ભટ્ટ (શ્રી ચંદુભાઈ ભાવસાર-વકીલ સાથે)

**‘સાહ્યા પ્રભુ, ચરણ તે કદી હું ન છોડું,**
**થાવું કૃપા થકી ભીનું , જ્યમ મેહ રોડું.’**

‘તુજ ચરણે’, શ્લોક-૧૦૮ - શ્રીમોટા



**સંસારનાં કામકાજની વચ્ચે પણ સાધના માટે સમય કાઢવો જોઈએ. તે દિવસોમાં હું દક્ષિણેશ્વરમાં જ્યારે સવારે ત્રણ વાગ્યે ઊઠીને જપ કરવા બેસતી, ત્યારે કોઈ જ ભાન ન રહેતું. નોબતખાનાના દાદર પર બેસી હું રોજ એક લાખ જપ કરતી હતી.**

**-શ્રી મા શારદાદેવી**

*'શ્રી મા શારદાદેવી', બી. આ., પૃ. ૭૯*

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : **સુરેશચંદ્ર વોરા**
સહાયક : **વિવેક દેસાઈ**

**વર્ષ : ૨૭ અંક : ૯ જૂન, ૨૦૨૩**

## અનુક્રમ


| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પદ્યપ્રસાદી ............ શ્રીમોટા | ૪ |
| ૨. | જીવદશાની બુદ્ધિ ટૂંકી છે ............ શ્રીમોટા | ૫ |
| ૩. | શ્રીરામકૃષ્ણ અને ઈસુ ખ્રિસ્ત ... શ્રી મહેન્દ્રનાથ ગુપ્ત | ૬ |
| ૪. | સાધના માટે સાકારની ભક્તિ સાનુકૂળ ...... શ્રીમોટા | ૭ |
| ૫. | દર્શન અને મોક્ષમાં શું ફરક છે ? .. શ્રી વિમલા ઠકાર | ૯ |
| ૬. | સ્વસુખાર્થે પરપીડનની વૃત્તિવાળી સંસ્કૃતિ નાશ પામે છે : ઈતિહાસ ............ શ્રીમોટા | ૧૧ |
| ૭. | પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે-૮ ............ પ્રદીપભાઈ વી. પટેલ | ૧૨ |
| ૮. | આપણામાં ધર્મ નથી, સ્વાર્થ મોખરે છે ...... શ્રીમોટા | ૧૩ |
| ૯. | મૌનમંદિરમાં સદેહે સ્વર્ગમાં જવાય છે ............ ............ મા. શ્રી પ્રભાબહેન ચુનીલાલ કાપડિયા | ૧૪ |
| ૧૦. | તટસ્થતા, સમતા અને સાક્ષીપણું અને મારા શરીરના રોગો અંગે ............ શ્રીમોટા | ૧૫ |
| ૧૧. | આ તો કેવો કારીગર ! ....... શ્રી રવિશંકર મહારાજ | ૧૭ |
| ૧૨. | હિમાલયમાં મળેલા ત્રીજા મહાત્માની વાત ......... ............ શ્રીમોટા | ૧૯ |
| ૧૩. | હરિનામસ્મરણ મહિમા ............ અજ્ઞાત | ૨૧ |
| ૧૪. | ગુરુકાર્યકારિણી ............ ભાલચંદ્ર જી. શુક્લ | ૨૧ |
| ૧૫. | જગત મૃત્યુનો મુલક છે ............ શ્રીમોટા | ૨૨ |
| ૧૬. | મૃત્યુના ડર અંગે ............ શ્રીમોટા | ૨૨ |
| ૧૭. | એકાગ્રતાવાળો જીવ મહાસુખિયો ............ શ્રીમોટા | ૨૩ |
| ૧૮. | દુઃખમાંથી સુખ ............ શ્રીઉપાસની બાબા | ૨૪ |
| ૧૯. | ત્યાગ વધારીએ અને સ્વાર્થ ઘટાડીએ એનું નામ ધર્મ ............ શ્રીમોટા | ૨૫ |
| ૨૦. | તમે આ લત છોડી શકતા નથી ? ............ ............ શ્રી કાર્તિકેય અ. ભટ્ટ | ૨૬ |


**પ્રકાશન સ્થળ :**
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**
**'હરિવાણી ટ્રસ્ટ', C/o. સુરેશચંદ્ર વોરા**
**ડી-૫૦૧, પરિમલ એક્ઝોટિકા,**
**નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,**
**નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,**
**Mo. / SMS / Whatsapp - 9427554391**
**ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની**
**કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.**
**ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો.**

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
**બચત ખાતા નં.:** ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
**IFS Code : UCBA0001687**
**બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.**
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઇટ**
**www.hariommota.org** ઉપર
**'હરિભાવ'** ઉપલબ્ધ હોય છે.
Email : hariommota1@gmail.com
**મોબાઈલ :** ૯૭૨૭૭ ૩૩૪૦૦
* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : **અંબિકા હરેશ પંડ્યા**

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:** ૯૩૨૭૦૩૬૪૧૪

ટાઈટલ : **મયૂર જાની, મો.** ૯૪૨૮૪૦૪૪૪૩

**રસ સ્મરણમાં જ્યાં ફૂટેલો છે** હરિઃૐ

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણનું ભાન જાગ્યું છે
સ્મરણ નું ભાન જીવંતું શું અભ્યાસે જ ઉછળ્યું છે !

સ્મરણ પ્રત્યેનું દિલ-ભાન સતત તેમાં પરોવીને,
-મનાદિને ધીરે ધીમે મનાવીને રસાળ્યાં છે.

જીવનમાં એકધારો રસ સ્મરણમાં જ્યાં ફૂટેલો છે,
પછીથી તો ગમે તેવું થતાં, દિલ તે વિષે રહે છે.

નિરંતરના હૃદય-ભાને ટપકતો ભાવ સ્ફુર્યો છે,
ઊછળતા ભાવથી એવા રહસ્ય ગૂઢ ખીલતું છે.

**- શ્રીમોટા**

સ્મરણ આ જિંદગાનીનું રહસ્ય ગૂઢ બતાવીને
-જીવનને તારવા કાજે સ્મરણ-સાધન ખરેખર છે.

'જીવનરસાયણ', પ્ર.આ., પૃ. ૨૩ **- શ્રીમોટા**

ગઝલ

જીવનમાં પ્રેમરસ જો ના, જીવન મિથ્યા નકામું છે;
વહે જો પ્રેમનાં ઝરણાં, જીવનની તો જ લહજ્જત છે.

અમીવૃષ્ટિ થકી ધરતી, ભીંજાતી હોય જો ના, તો
દશા તે પૃથ્વીની જેવી, જીવનમાં પ્રેમરસ ના જો.

જીવનદરિયાની લહેરો થકી બસ મસ્ત ભીંજાવું,
જીવનસચરાચરે વ્યાપી જીવનને સાર્થ કરવાનું.

અનુભવના બધા મણકા મહીં પ્રત્યેક મણકામાં,
પરોવી તાંતણો પ્રેમ, જીવનને સાંધવું તેમ.

જીવનનો મર્મ છે પ્રેમ, જીવનનો અર્થ છે પ્રેમ,
જીવનનું લક્ષ્યબિંદુ તે, જીવન સાર્થકપણુંયે તે.

'જીવનસંશોધન', ત્રી. આ., પૃ. ૧૭ ❑

દોહરા

**અષાડે** આવી વાદળી, વરસ્યા વિણ ગઈ નીર
જાણે દેતી છાંયડી, પણ તપવે ઉર ધીર.

**અષાડે** અબળા ઝંખી રહી, બાળે જોબન વેશ;
પૂરણ પાપ કિયાં ફળ્યાં નાવે પિયુ અમ દેશ.
વાટલડી જોતી ઊભી રાખી ધીરજ ઉર;
લોતી પાલવડે આંસુડાં, થયા પ્રીતમ શું ક્રૂર?

અધવચ શાને મૂકી હરિ! કરી ઉર-આશ ભંગ?
ચિતડું કંઈયે ન ગોઠતું વળ્યું વળે ન અંગ.
અકારી આજે શું હું થઈ? જોડી દુઃખને શકટ.
તરછોડી શાને ભામિની? શોભે થવું શું નફટ?

રડી રડીને હું કહી ચૂકી દિલની મમ વાત;
તમ ગળે ઊતરે નહીં કમ-બલિહારી વાહ!
નિજના જાણી હું હરિ! કાઢું વરાળ મન
જાણે દયા કૈં લાવશો એમ ધાર્યું'તું મન.

રસિયા! લાવ્યા શું મનમાં? કહોની પીડો શેં શ્યામ?
મટકું દઈ છટકી ગયા, આવો વીનવું ધામ.
અંજલિ અંતર અશ્રુની અર્પું પ્રેમે હરિ-હાથ;
કયારે રે ઉરના ટાળશો તાપ હૈડે લઈ, નાથ!

સંદર્ભ : પ્રાર્થનાંજલિ - 'પૂજ્ય શ્રીમોટાની સાધનાકાળની પ્રાર્થનાઓ'માંથી સાભાર. આ પુસ્તક હવે પ્રગટ થવા જઈ રહ્યું છે. ❑

---

કર્મને સાધનારૂપે ગણી, જે કર્મને કરે,
અવતાર નવો એનો જન્માવે કર્મ નિશ્ચયે (૩૬)

કર્મ તો જીવને કેવું દિવ્ય સાધન જાણવું !
રખે ઉવેખતાં કર્મ, ભાવથી કર્મ સાધવું. (૪૦)

'કર્મઉપાસના', ચોથી. આ., પૃ. ૨૨ ❑

## (૨) જીવદશાની બુદ્ધિ ટૂંકી છે

**શ્રીમોટા**

હું મારા ગુરુમહારાજ પાસે ગયો હતો ત્યારે એવું કહેતા કે **'હું મંગળમાં ગયો હતો.'** પહેલાં હું બોલું ખરો. પછી તો બોલતો નહિ, છાનોમાનો બેસી રહું ! એટલે મેં કહ્યું, 'બાપજી, મંગળ તો પાર વગરનો દૂર છે.' બે પગવાળા માનવીથી તો જવાય જ નહિ. અશક્ય વાત છે. આ વિજ્ઞાનીઓ પ્રયત્ન કરી રહ્યા છે. આ બલૂન છે, આ વિમાન છે, એ દ્વારા માણસ ગયો હોત પણ એમ બન્યું નથી.'

ગુરુમહારાજે મને બેચાર ગાળ દીધી અને કહ્યું, 'સાલા, અહીંથી માણસો ત્યાં જાય છે, ત્યાંથી માણસો અહીં આવે છે. મંગળ છે. બીજે બધે ઠેકાણે આપણા જેવી પૃથ્વીઓ છે - ત્યાં આપણા જેવા મનુષ્યો છે. એ મનુષ્યો અહીં પૃથ્વી ઉપર ઊતરે છે અને આપણી પૃથ્વી ઉપરથી બીજી પૃથ્વી ઉપર જાય છે. 'ઊર્ધ્વ ગચ્છન્તિ' એમ કરીને કંઈક શ્લોક બોલ્યા, એ ગીતામાં છે ખરું કે જે ઊર્ધ્વ પ્રકૃતિવાળા હોય તે ઊર્ધ્વમાં જાય છે અને નિમ્ન પ્રકૃતિવાળા નિમ્ન પ્રદેશમાં જાય છે. આપણા દેશમાં નિમ્ન થયેલા હોય એ જીવ નિમ્ન એવા લોકમાં જાય અને ઊર્ધ્વ પ્રકૃતિનો હોય તે ઊર્ધ્વ પ્રકારના લોકમાં જાય. એમ જ મને બંધબેસતું લાગ્યું.

પણ આ તો કોક કોક એવા લોકો ખરેખર મનુષ્યના સ્વરૂપમાં જીવતાજાગતા પૃથ્વી ઉપર આવે છે અને ઉચ્ચ પ્રકારના લોક પણ અહીં આવે છે પણ હજુ સુધી કોઈએ ઊતરેલા પ્રત્યક્ષ જોયેલા હોય એવું મારી છોંતેર વર્ષની ઉંમર સુધી ક્યાંય પણ છાપાંમાં વાંચ્યું નથી પણ મારા ગુરુમહારાજ એમ કહેતા ખરા. એ વખતે મારી બુદ્ધિની શક્તિ કેટલી ? મારી બુદ્ધિ જ જીવદશાની અને **આ જીવદશાની બુદ્ધિ ટૂંકી છે.** એ જે છે એ દ્વંદ્વવાળી છે અને દ્વંદ્વાતીત થયેલી નથી અથવા તો જ્ઞાનની દશામાં પણ પ્રગટી નથી. એવી બુદ્ધિશક્તિ જ્ઞાનની દશામાં કેવી રીતે પહોંચી શકે ? માટે એમ વિચાર્યું કે આ સ્થિતિમાં મારે તો એમ માનવું કે કદાચ એ સાચું પણ હોય અને કદાચ સાચું ના પણ હોય. પણ આમ નથી જ અને એ ખોટું જ છે, એમ માનવાને તારી બુદ્ધિ લાયકાતવાળી નથી. તું એમ કહી શકે કે ભઈ, પૉસિબલ (શક્ય) છે કે ઈમ્પૉસિબલ (અશક્ય) છે. આ બેમાંથી એક હોઈ શકે, એમ બહુ બહુ તો તું કહી શકે. એ શક્ય નથી એમ કહેવાની તારી બુદ્ધિની શક્તિ નથી, કારણ કે તારી બુદ્ધિ જ્ઞાનમાં પ્રગટ થયેલી નથી. અજ્ઞાનવાળી તારી બુદ્ધિ છે અથવા તો પ્રકૃતિયુક્ત તારી બુદ્ધિ છે. એ પ્રકૃતિવાળી તારી બુદ્ધિથી પ્રકૃતિની જે કંઈ હોય તે વિશે તું અભિપ્રાય આપી શકે. પરંતુ જે જ્ઞાનનો વિષય છે અને જ્યાં સુધી તું પ્રકૃતિમાં છે ત્યાં સુધી એ જ્ઞાનના વિષય વિશે અભિપ્રાય આપવાને તારી બુદ્ધિ લાયકાતવાળી નથી. આમ મને સૂઝ્યું કે આ સાલુ, આ વિશે અભિપ્રાય આપવો તે ખોટો છે. આપણે શાંત રહેવું અથવા તો અભિપ્રાય આપવો હોય તો, 'મે બી પૉસિબલ - મે નૉટ બી પૉસિબલ' હોય પણ ખરું અને ના પણ હોય એમ માનવું.

આજે એમ લાગે છે કે આવા જ્ઞાનવાળા લોકો નિમિત્ત સંબંધ જ્યાં હશે ત્યાં જઈ શકતા હશે. જતા હશે એમ આજે મને સાચું લાગે છે, ત્યારે સાચું લાગતું ન હતું.'

'તદ્રૂપ-સર્વરૂપ', પ્ર. આ., પૃ. ૧૦૭ ❑

## (૩) શ્રીરામકૃષ્ણ અને ઈસુ ખ્રિસ્ત

શ્રી મહેન્દ્રનાથ ગુપ્ત

આજ શુક્રવાર, ઑગસ્ટ ૨૮, ઈ.સ. ૧૮૮૫. પ્રભાત થયું. ઠાકુર ઊઠીને માતાજીનું ચિંતન કરે છે. અસ્વસ્થ હોવાને અંગે ભક્તો ઠાકુરના શ્રીમુખેથી પેલું મધુર નામસ્મરણ સાંભળી શક્યા નહિ. ઠાકુર પ્રાતઃવિધિ પતાવીને ઓરડામાં પોતાના આસને આવીને બેઠા છે. મણિને કહે છે કે 'વારુ મને આ ગળાનું દરદ શા માટે થયું ?'

**મણિ :** જી, માણસની પેઠે બધું ન થાય તો જીવોને હિંમત આવે નહિ. તેઓ જુએ છે કે આપના શરીરમાં આટલું દર્દ છે, છતાંય આપ ઈશ્વર સિવાય બીજું કશું જાણતા નથી !

**શ્રીરામકૃષ્ણ :** (સહાસ્ય) બલરામે પણ કહ્યું કે આપને જ જો આમ, તો પછી અમને તો કેમ ન થાય ? સીતાના શોકથી રામ ધનુષ્ય ઉઠાવી ન શક્યા એ જોઈને લક્ષ્મણ નવાઈ પામી ગયા, પરંતુ **'પંચભૂતમાં પડે ત્યારે બ્રહ્મ સુધ્ધાં રડે.'**

**મણિ :** ભક્તનું દુઃખ જોઈને ઈસુ ખ્રિસ્ત પણ સાધારણ માણસની જેમ રડ્યા હતા.

**શ્રીરામકૃષ્ણ :** શું થયેલું ?

**મણિ :** માર્યા ને મેરી બે બહેનો અને લેઝેરસ નામે તેમનો ભાઈ. એ ત્રણે ભાંડુ ઈસુ ખ્રિસ્તનાં ભક્ત. એમાં લેઝેરસનું મૃત્યુ થયું. ઈસુ તેમને ઘેર આવતા હતા. રસ્તામાં એક બહેન મેરી દોડતી જઈને ઈસુને પગે પડી અને રડતાં રડતાં બોલી, 'પ્રભુ તમે જો આવી પહોંચ્યા હોત તો એ મરત નહિ !' તેનું રુદન જોઈને ઈસુ રડ્યા હતા.

ત્યાર પછી ઈસુ લેઝેરસની કબર પાસે જઈને તેનું નામ લઈને બોલાવવા લાગ્યા. તરત લેઝેરસ જીવતો થઈને ઊઠી આવ્યો !

**શ્રીરામકૃષ્ણ :** પરંતુ મારાથી એ બધું થાય નહિ.

**મણિ :** એ તો તમે કરતા નથી, જાણી જોઈને એટલે. એ બધી તો સિદ્ધિઓ, ચમત્કારો છે, એટલે આપ કરતા નથી. એ બધી કરવાથી લોકોનું દેહમાં જ મન રહે, શુદ્ધ ભક્તિ તરફ મન જાય નહિ. એટલે આપ એવા ચમત્કારો કરતા નથી. બાકી, **આપની સાથે ઈસુ ખ્રિસ્તનું ઘણુંય મળતું આવે છે.** આપ ભક્તોને ઉપવાસ કરવાનું કે બીજી કોઈ કઠોરતાવાળું તપ કરવાનું કહેતા નથી. ખાવાપીવા સંબંધેય કોઈ કઠિન નિયમ નહિ. ઈસુના શિષ્યોએ રવિવારે ઉપવાસ ન કરતાં ભોજન કરેલું એટલે જૂનું યહૂદી શાસ્ત્ર માનીને જેઓ ચાલતા તેઓએ તેમનો તિરસ્કાર કર્યો હતો. ઈસુએ કહ્યું કે તેઓ ખાશે, પીશે અને આનંદ કરશે. **જેટલો વખત વરરાજાની સાથે હોય તેટલો વખત જાનૈયા આનંદ જ કરે.** અવતારની સાથે હોય ત્યાં સુધી અવતારના સાંગોપાંગ ભક્તો કેવળ આનંદ જ કરવાના. અવતાર જ્યારે સ્વધામે ચાલ્યા જશે ત્યારે તેમના નિરાનંદના દિવસો આવશે. જી, આપ જેમ કહો છો કે જે યુવકોની અંદર કામિની-કાંચન પેઠાં નથી, તેઓ ઉપદેશની ધારણા કરી શકે. જેમ નવી હાંડલીમાં દૂધ રાખી શકાય તેમ. દહીં

**અનુસંધાન પેજ નં. ૮ પર**

# (૪) સાધના માટે સાકારની ભક્તિ સાનુકૂળ

**શ્રીમોટા**

અવ્યક્તમાં આસક્તિ થવી એ ઘણું દોહ્યલું છે. એટલા માટે સાકારની ભક્તિ વધારે સાનુકૂળ છે. મનાદિકરણ અવ્યક્તને પકડીને સહેલાઈથી ધારણ કરી શકે એવી શક્યતાવાળાં હોતાં નથી, માટે ચેતનના સગુણપણાને આપણે સાધનામાં મૂર્તિમંત કરવાનું છે અને તેથી સાધનાને માટે ભક્તિ વિશેષ સાનુકૂળ છે.

ભક્તિમાંથી જ્ઞાન જરૂર પ્રગટે છે. અને જ્ઞાન થતાં યોગ પ્રગટે છે અને તે બધામાંથી કર્મકૌશલ્ય પણ પ્રગટી શકે છે અને ભાવને લઈને પુરાતન કાળમાં મૂર્તિપૂજાની પ્રથા દાખલ થઈ હશે એ ભાવમાં પ્રેમભક્તિપૂર્વકનો દિલનો અનુરાગ દૃઢ પ્રગટતા શ્રીભગવાન સાથેનો આપણો વ્યક્તિગત સંબંધ બંધાય છે અને ત્યારે જ સાધનાના ભાવમાં ઊંડામાં ઊંડી ખરેખર તન્મયતા, એકતાનતા અને પળેપળનું લગનીપૂર્વકનું સ્નેહાર્દ્ર મુગ્ધતાભર્યું આકર્ષણ લાગ્યા કરે એવું તેનું ચિંતવન પ્રગટ્યા કરે છે. **મનાદિકરણમાં સાકારના આધાર વિના એવી લગની પ્રગટવી પણ મહા દુષ્કર છે.**

જીવનવિકાસના ધ્યેયના માર્ગમાં સાધનાના અભ્યાસમાં સાકારપણું એટલે તેનો ભાવ અને તેમાંથી પ્રગટતી એકાગ્રતા, કેંદ્રિતતા અને સળંગતા અને તે પછી થતો તેનો વિસ્તાર. જેમ શિક્ષણમાં આગળ ધપવાને માટે સાકારનું શરણું એટલે શિક્ષક અથવા તો બીજો કોઈ પણ ધંધો શીખવાને માટે તે તે ધંધાના જાણકારનું અવલંબન તે સાકાર, તેવી રીતે જીવન-વિકાસના માર્ગે અવલંબન લેવાનું છે. યોગ્ય સાધન-સદ્‌ગુરુ તે સાકાર. એવા સાકારને મનાદિકરણ પ્રમાણમાં વધારે સહેલાઈથી ગ્રહણ કરી શકે, એવી તેનામાં શક્યતા છે. મૂર્તિપૂજા, ગુરુ, શિક્ષક વગેરે વગેરેની પ્રથા માનસશાસ્ત્રીય હકીકત દર્શાવતી હોઈ આચરણમાં આવી હશે.

સમજવું એક વાત છે અને સ્વીકારવું તે જુદી વાત છે. સમજ્યા હોઈએ પણ સ્વીકાર્યું ના હોય એવું પણ ઘણી વાર બને છે. જ્યારે હૃદયથી જે કંઈ સ્વીકારાયું હોય તેને તે એકધારું વળગી રહેવાનું બની શકે છે. તેનું નામ સાચો સ્વીકાર છે. જ્યાં સુધી અનુભવમાં એવું બનતું ન લાગે, ત્યાં સુધી એ સ્વીકારાયેલું નથી એમ સમજવું.

પશ્ચિમના વૈજ્ઞાનિકો પોતે જે ભૌતિક તત્ત્વને કે તત્ત્વના સિદ્ધાંતને ખોળવા માગતા હોય છે, એને તો તેઓ પ્રાણ કરતાં પણ વધારે નજીકનું ગણે છે. એના જ મનન ચિંતવનમાં તેઓ પળેપળ તે વિષયમાં એકાગ્ર અને કેંદ્રિત થઈને ગાળે છે. પોતે ચિત્તમાં અને પ્રાણમાં એનામય બની જાય છે. એવું આપણું પણ થવું પડશે. સારાયે દિવસની Sum-Total energy સમગ્રતઃ કુલ વપરાયેલ શક્તિનો ઘણોખરો મોટો ભાગ સાધનાની ભાવના મૂર્ત સ્વરૂપ લે એવી રીતે તે પરત્વે જ વળેલો હોવો જોઈએ.

ભલેને બીજું કંઈક કામ કરતા હોઈએ તેમાંયે આંતરપ્રવાહ તો પેલી ભાવનાનો જ પ્રગટેલો હોવો જોઈએ. આપણે બહારથી બધાં સાથે દેખાવ ખાતર હસીખુશીને વાતો કરતાં હોઈએ અને અંદરથી કશીક ચિંતામાં કે દુઃખમાં બળી

જતા હોઈએ, એવો પ્રત્યેક માનવીનો અનુભવ છે. આ હકીકતમાં જેમ બને છે તેવી રીતે કોઈક ઉત્કટ સાધકનો આંતરપ્રવાહ ભાવનામાં જ એકાગ્ર કેંદ્રિય રહ્યા કરતો હોય અને ઉપર ઉપરથી તે બીજાં બધાં કામોમાં વળગેલો હોય તો એવું બનવું પણ શક્ય છે.

આ બધું લખ્યા કરું છું ખરો, પણ આપણામાં તેવી જાતની પૂરી ચાનક લાગી નથી. એટલે ઝાઝું કશું કંઈ વળતું નથી. કર્મ કરવા છતાં એ કર્મ પાછળની ઈચ્છા કોઈ લૌકિક પ્રકારની ના હોવી જોઈએ. કિંતુ સાધનાના ભાવને પ્રેરક બળરૂપ પ્રગટ્યા કરે એવી રીતે અને એવા ભાવે પ્રભુપ્રીત્યર્થ મળેલાં કર્મો યજ્ઞભાવે આપણે કર્યાં કરવાનાં છે.

'જીવનસંશોધન', પ્ર. આ., પૃ. ૨૭૭ ❑

**અનુસંધાન પેજ નં. ૬ નું ચાલુ**

જમાવવાની હાંડલીમાં દૂધ રાખવાથી દૂધ બગડી જવાનો ભય. ઈસુ પણ એમ જ કહેતા કે જૂની બાટલીમાં નવો દારૂ રાખવા જાઓ તો બાટલી ફાટી જવાનો ભય ખરો. આપ જેમ કહો છો કે, 'મા અને હું એક' ઈસુ પણ એમ જ કહેતા કે 'પિતા અને હું એક' My Father and I are one.

આપ જેમ કહો છો કે, 'આતુર થઈને ઈશ્વરને સ્મર્યે, એ સાંભળવાનો જ !' તેમ ઈસુય કહેતા કે આતુર થઈને દરવાજે ધક્કો મારો તો દરવાજો ઉઘાડવામાં આવશે.

Knock and it shall be opened unto you.

'શ્રીરામકૃષ્ણ કથામૃત', પુનર્મુદ્રણ ૧૯૮૩, પૃ. ૧૬૯
અનુવાદક : સ્વામી ચૈતન્યાનંદ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | એક સ્વજન | સુરત | ૧,૧૧૧/- |
| ૨. | જયશ્રીબહેન નિરંજનભાઈ દેસાઈ<br>સ્વ. શ્રી નિરંજનભાઈ બાપુલાલ દેસાઈની<br>ત્રીજી પુણ્યતિથિ (તા.૮-૫) નિમિત્તે | અમદાવાદ | ૧,૧૦૦/- |
| ૩. | ગુણવંતભાઈ આર. ભૂંગરિયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૪. | ભરતભાઈ હસમુખલાલ જોગી | સુરત | ૫૦૧/- |
| ૫. | જ્યોતીન્દ્રભાઈ જે. મહેતા<br>(રોનક જે. મહેતાની વર્ષગાંઠ (તા.૨૭-૬) નિમિત્તે) | અમદાવાદ | ૫૦૧/- |
| ૬. | કેશ્મી વિજય લંકાપતી | સુરત | ૫૦૧/- |
| ૭. | વેદાંત અમિત પરીખ | અમદાવાદ | ૫૦૦/- |
| ૮. | રાજેન્દ્રભાઈ રામકૃષ્ણ શુક્લ | વડોદરા | ૫૦૦/- |
| ૯. | રીટા સતિષ તમાકુવાલા | સુરત | ૩૦૦/- |
| ૧૦. | પૂજા મીનય મહેતા | મુંબઈ | ૨૫૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

# (૫) દર્શન અને મોક્ષમાં શું ફરક છે ?

શ્રી વિમલા ઠકાર

**પ્રશ્ન :** દર્શન પછી મનુષ્યની પડતી કેમ થાય છે ? દર્શનમાં અને મોક્ષમાં શું ફરક છે ? મોક્ષ થયાનો ભ્રમ જો કોઈને હોય તો એ ભ્રમથી શી રીતે બચી શકાય ? મોક્ષ શું છે ? સાધના કઈ રીતે કરી શકાય ?

ઉત્તર : જે શબ્દો પ્રશ્નમાં કહેવાયા, એ ઉપરથી દર્શન શબ્દનો અર્થ લઈએ તો સગુણ દર્શન, સાકાર દર્શન, તો સગુણ દર્શન થયા પછી મનુષ્ય જો પડતો દેખાય તો એ પડે છે કેમ ? વાત એમ છે કે આપણા અધ્યાત્મને, આપણા સમગ્ર જીવન સાથે કોઈ સંબંધ નથી. કોઈ અનુબંધ નથી. સગુણ મૂર્તિની ઉપાસના કરી. એનું જ ચિંતન, એનું જ મનન, એનું જ નિદિધ્યાસન થયું. આંખ બંધ કરતાં કે ખોલતાં જ એનાં દર્શન પણ થવા લાગ્યાં. ઉત્કટતા અત્યંત વધી ગઈ અને ચેતનાનાં ઊંડાણ સુધી જઈને એના તળિયાને પણ અડકી ગઈ તો જે સગુણ રૂપનું ધ્યાન કરીએ છીએ. એ મૂર્તિ પવન અને અગ્નિ બે તત્ત્વનો ઉપયોગ કરીને સઘન બનીને સામે પણ આવે છે. પરંતુ પૂજા કરતી વખતે કે ભજન કરતી વખતે જે ઊંડાણમાં મનુષ્ય રહે છે, એવી ઉત્કટતા સાથે જીવનના બધા વ્યવહાર એ નથી કરતો. પૂજા કરતી વખતે ઊંડાણમાં ઊતરવું અને પૂજા સમાપ્ત થયા પછી પૂજા ઘરની બહાર નીકળીને ચેતનાના ઉપરના સ્તર પર આવી જવું એમ થાય તો સગુણ દર્શન પછી પણ આપને સમગ્રતાનું ઉત્થાન નથી થયું. તો એનો અર્થ એમ જ સમજશો કે એની સાધના એકાંગી છે. સમગ્રતામાં નથી. મોક્ષ છે સમગ્ર વ્યક્તિનું ઉત્થાન, મોક્ષ છે અહંકાર નિર્મૂલ થવો, મોક્ષ છે જીવનની પ્રકૃતિઓમાંથી અહં નામના કેન્દ્રનું નિઃશેષ થઈ જવું, નષ્ટ થઈ જવું. આ બંનેમાં અંતર છે. એ જરૂરી નથી કે જેઓ સગુણ સાક્ષાત્કાર પામે છે એના દર્શનનો સંબંધ એના સમગ્ર જીવનની સાથે હોય. આશા છે કે આપ સમજી ગયા છો.

પૂજામાં બેઠા ને માની લો કે તમે બાલકૃષ્ણની ઉપાસના કરી રહ્યા છો. દીકરાએ કે દીકરીએ ફૂલો ચૂંટીને યોગ્ય રીતે રાખ્યાં નથી, એ જોઈને પૂજા ઘરમાં બેઠે બેઠા ક્રોધ આવે છે. ‘અરે ! ફૂલ સારાં નથી, એ આમ જ કરે છે.’ થએલા ક્રોધને આપ શબ્દ દ્વારા વ્યક્ત કરો કે ન કરો, પણ ક્રોધથી પીડિત, ક્રોધથી ભરપૂર એવા મન સાથે આપ ભગવાનને ફૂલ ચઢાવો છો. કૃષ્ણની મૂર્તિની પૂજા કરી, બહાર નીકળી બાળકોને થપ્પડ મારી. જે કૃષ્ણને ફૂલ ચઢાવ્યાં, એ કૃષ્ણના દર્શન સામે ઘરમાં રમતા કૂદતાં કૃષ્ણ (બાળકો) સાથે કોઈ સંબંધ નહીં ? મંદિરમાં બેસી ‘પ્રભુ તમે સર્વવ્યાપી છો’ એમ કહેનારા, બહાર નીકળતાંની સાથે જ મંદિરમાં પ્રભુને ગોંધી રાખે છે. આ દેશમાં આધ્યાત્મિક સત્તા અલગ અને વ્યવહારની સત્તા અલગ. એ રીતે જીવનને બે સત્તામાં, વ્યવહારમાં વહેંચી નાખ્યું છે. એટલે, એમ કહે છે કે એકતા, વેદાંત, અદ્વૈત, ઉપાસના, પ્રેમ - આ બધું અધ્યાત્મને માટે અલગ રાખો અને વ્યવહારમાં, પૈસા

કમાવવા હોય તો જૂઠું બોલવું પડશે, ચોરી કરવી પડશે, સમાજમાં રહેવું હોય તો ચતુરાઈપૂર્વક રહેવું, કોઈ પર વિશ્વાસ નહીં રાખવો. હું કહેવા માગું છું કે સમાજમાં જીવવા માટે વ્યવહારને નામ જીવનમૂલ્યો અલગ અને અધ્યાત્મ જીવન માટેનાં જીવનમૂલ્યો અલગ એમ જીવનને વહેંચી નાખ્યું છે, બે ભાગ પાડ્યા છે.

એટલે એમાં કોઈ આશ્ચર્ય નથી કે, સગુણ દર્શનની વાત કરનારા, અનુભવ કરનારા, જેનામાં અતીન્દ્રિય શક્તિઓનો વિકાસ થયો છે, એ દૂર બેઠા આપના વિચારો જાણી લેશે, હવામાંથી ચીજ લઈને આપને બતાવશે, હાથમાંથી કંકુ કાઢી બતાવશે, ભસ્મ કાઢી બતાવશે, કંઈક કંઈક કરશે, પણ એમ બની શકે કે એનું જીવન સમગ્રતામાં જોવા જશો તો આપ ન તો સત્ય પામશો, કે ન તો પ્રેમ કે અન્ય કશું જ નહિ અને મોક્ષ છે ચેતનાનું સમગ્રતામાં ઉત્થાન,. કાલે કહ્યું હતું કે જીવનની ગતિ ઉર્ધ્વ છે. તો સંપૂર્ણ જીવનનું ઉત્થાન જ મોક્ષ છે. અહંકારના કેન્દ્રમાંથી સંપૂર્ણ જીવનનું ઊઠવું, મુક્ત થવું એ મોક્ષ છે, એ જ મુક્તિ છે. ઘરબાર છોડીને, પતિને, પત્નિને, પુત્રને છોડીને, મુક્તિનો કોઈ સંબંધ નથી. બસ, મોક્ષનો સંબંધ છે સમગ્રતામાં પ્રતિષ્ઠિત થવાનો. હું દેહ છું એવા ભ્રમમાં જ્યાં સુધી રહેશો, હું મન છું એવા ભ્રમમાં જ્યાં સુધી રહેશો, ત્યાં સુધી મુક્તિ નહિ મળે. ત્યાં સુધી તનની ને મનની ગુલામીમાં જ જીંદગી વિતશે. પછી, આ જે મન છે સવારે ઊઠીને એક વસ્તુના દર્શન માટે, મનમાં એક ઈચ્છા ઊઠી. કોઈ વ્યક્તિ સામે આવી, એણે કંઈક વ્યવહાર કર્યો તો બીજી પ્રતિક્રિયા ઊઠી. કોઈ વાર વાસના ઊઠે, કોઈ વાર વિકાર ઊઠે, અને પછી એની તાનાશાહી અને હુકમશાહીમાં આપણે ચાલતા રહીએ છીએ, આ બંધન છે.

જ્યારે ધ્યાનમાં આવશે કે આ ક્રોધ ઊઠી રહ્યો છે, આ દ્વેષ ઊઠી રહ્યો છે, આ લોભ ઊઠી રહ્યો છે, આ મહત્ત્વાકાંક્ષા ઊઠી રહી છે તો મહત્ત્વાકાંક્ષા કે લોભ કે ક્રોધ કે દ્વેષને ઊભી કરનારી પરિસ્થિતિને પણ જોશો અને લોભને, ક્રોધને, મોહને પણ જોશો. એકી સાથે બંને ને જોશો. આમ બની રહ્યું છે એ તમારા ધ્યાનમાં આવશે. પોતાના ક્રોધને, પોતાના વિચારને, પોતાના વિકારને જોવાનો, સમજવાનો, સાક્ષીત્વ ભાવ જે દિવસે પ્રાપ્ત કરી લેશો એ દિવસે, બાહ્ય પરિસ્થિતિ અને આંતરિક પ્રતિક્રિયા બંનેથી એકીસાથે મુક્ત થઈ જઈશું. સાગરમાં જેમ મોજાંઓ ઊઠે છે, નદીમાં લહેરો ઊઠે છે તેમ જ્યારે પ્રતિક્રિયાઓ ઊઠશે ત્યારે એ વિષે જાગ્રત થવાથી, એનાથી દબાશું નહિ, તણાશું નહિ.

'મન સાથે મૈત્રી', બીજી આ., પૃ. ૧૧૨ ❑

**ગયેલા આત્માને...**

પૂજ્ય શ્રીમોટાના અનુરાગી, નામસ્મરણપ્રેમી, અમદાવાદનિવાસી સ્વજન શ્રી મધુસૂદનભાઈ મૂલચંદભાઈ શાહ તા. ૨૯-૪-૨૦૨૩ના રોજ મોટાશરણ પામેલ છે. પૂજ્ય શ્રીમોટા તેઓશ્રીને યશ-કલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના.

**- સંપાદક**

# (૬) સ્વસુખાર્થે પરપીડનની વૃત્તિવાળી સંસ્કૃતિ નાશ પામે છે : ઈતિહાસ

શ્રીમોટા

આપણી આ પૃથ્વીના પટ ઉપર ઘણી સંસ્કૃતિઓ થઈ ગઈ. ઈતિહાસ જેણે વાંચ્યો છે તે આ અંગે જાણે છે. કેટલીય સંસ્કૃતિઓ જન્મી, ઉદય પામી, વિકાસને પંથે આવી, શિખરે પહોંચી અને પડી ભાંગી.

એક કાળે રોમન સંસ્કૃતિ એટલી પ્રચંડ હતી કે બાળક જન્મે તે જો સશક્ત હોય, તો તેને જીવવા દેવું. બાળક જન્મે એટલે તેને ઊંચી ટેકરી ઉપરથી ફેંકતા અને જીવે તો જીવવા દેતા. એ લોકોએ ઘણે ઠેકાણે લડાઈઓ કરીને ઘણાં રાજ્યો સ્થાપેલાં. એવું જ ઈજિપ્તમાં પણ હતું.

સંસ્કૃતિઓના પતનનું કારણ તપાસીએ તો જણાશે કે જ્યારે માનવીઓમાં જીવપ્રકારની વૃત્તિઓની અભિવૃદ્ધિ થતી એટલે કે પોતાનું જ હિત વિચારવું અને બીજાનું ભલે જે થવું હોય તે થાય. પરિણામે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરેની વૃદ્ધિ થઈને **પોતાના જ એકમાત્ર સુખનો વિચાર થયા કરે ત્યારે એનો નાશ થાય છે.** આજે ઘણી સંસ્કૃતિઓનું એવું જ છે. ઘણી બધી સંસ્કૃતિઓ પડું પડું થઈ રહેલી છે અને હું તો એને પડી ભાંગેલી જ ગણું છું.

જે પશ્ચિમની સંસ્કૃતિ છે, તેમાં પણ પોતે કેમ સુખી થવું એની જ શોધો કરી છે અને એ શોધો એવી છે કે એના વડે એ લોકોનો નાશ કરે અને પોતે પણ નાશ પામે.

દેવદાનવના યુદ્ધ વેળા દાનવોની એવી એકમાત્ર વૃત્તિ હતી કે દેવોને હરાવવા-એમનો નાશ કરવો, એ જ એમનું ધ્યેય હતું. રાવણે ભયંકર તપ કરેલું. એનામાં એવી શક્તિ હતી કે જેના જોરે દેવોની સંસ્કૃતિનો નાશ કરવો. રાવણનું તપ આસુરી હતું. જ્યારે તપ કરીએ ત્યારે મન, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની શુદ્ધિ થવી જોઈએ. એ જ સાચું તપ અન્યથા એ તપ એ નાશને પંથે લઈ જશે.

અમેરિકા, રશિયાની એ જ સ્થિતિ છે. આ બંને એકબીજાથી ડરે છે, એટલે એ લોકો ડરના માર્યા લડતા નથી. એ લડે તો એ બંને લોકો નાશ પામે અને આખી પૃથ્વીને પણ એની ખબર પડે.

એટલે મૂળ વાત - આખી પૃથ્વી પર જે સંસ્કૃતિઓ થઈ તે કાળે કરી નાશ પામી. તેનું કારણ એ જ કે પોતાના સુખમાં રાચીએ પછી ભલે બીજાને દુઃખ, નુકસાન, હેરાનગતિ થતી હોય તો ભલે થાય. **આવી સંસ્કૃતિ નાશ પામે એમ ઈતિહાસ કહે છે.** આમાંથી મનુષ્ય જીવ બિચારો ધડો લેવાનું જાણતો નથી.

ઈતિહાસ આ જુએ છે કે કેટલીયે સંસ્કૃતિઓ આવી અને ચાલી ગઈ. મનુષ્યજાતે ઈતિહાસમાંથી જાણ્યું છે અને અનુભવ્યું છે. અસુરોએ શક્તિ મેળવી અને નાશ પામ્યા. એ લોકોએ શક્તિનો ઉપયોગ પોતાના ઉપભોગ માટે કર્યો. એ લોકોનાં મન, બુદ્ધિ, ચિત્ત અને પ્રાણની શુદ્ધિ નહોતી અને અહંકાર ખૂબ વધાર્યો. આ બધાંની શુદ્ધિ થવી જોઈએ.

'મૌનમંદિરમાં પ્રભુ' ચોથી આ., પૃ. ૪૦ ❑

# (૭) પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે-૮

પ્રદીપભાઈ વી. પટેલ

## મારો અનુભવ

મેં. પૂજ્ય શ્રીમોટાનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં નથી. પૂજ્ય શ્રીમોટાની સામાજિક સેવાઓ અને તેમની આધ્યાત્મિક સિદ્ધિઓનો પરિચય થતાં મનોમન તેમને ગુરુ માન્યા છે. પૂજ્ય શ્રીમોટાને ગુરુ માન્યા તે પહેલાં મેં સ્વામી રામતીર્થ, રામદાસ, રજનીશ (ઓશો), જે. ક્રિષ્ણમૂર્તિ, રમણ મહર્ષિ, વિવેકાનંદ; રામતીર્થ, યોગાનંદ પરમહંસ, ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ વગેરે સંતોને થોડા વાંચ્યા હતા પરંતુ કોઈપણ સંતને મારા ગુરુ તરીકે સ્થાપવાનો હૃદયથી ભાવ થયો ન હતો. પરંતુ પૂજ્ય શ્રીમોટાને કુદરતી રીતે જ ગુરુ મનાઈ ગયા. પૂજ્ય શ્રીમોટાને ગુરુ માન્યા તે પહેલાં ગુરુપરંપરાને હું વ્યક્તિ પૂજા અને શોષણની પ્રથા માનતો હતો. પૂજ્ય શ્રીમોટાની કૃપાથી જીવનમાં એવી ઝાંખીઓ થઈ જેથી આજે હું દઢપણે માનતો થયો છું કે ગુરુ વિના જ્ઞાન નહિ. ગુરુ ઈશ્વરતુલ્ય હોય છે.

મને પૂજ્ય શ્રીમોટાની કૃપાના જે અનુભવ થયા છે તે હું અંગત રીતે પૂજ્ય શ્રીમોટાના ચમત્કારો માનું છું પરંતુ રેશ્નાલિસ્ટ્સની દૃષ્ટિએ તેનાં અલગ પાસાં હોઈ શકે છે. આટલી સ્પષ્ટતા એટલા માટે કરું છું કે જેથી સ્વજનોમાં અંધશ્રદ્ધા ન ફેલાય, ખોટો મેસેજ ન જાય.

મને થયેલ પૂજ્ય શ્રીમોટાની ચેતનાના અનુભવો નીચે મુજબ છે.

(૧) જ્યારે હું પ્રથમ વખત નડિયાદ જૂના બિલોદરાના મૌન મંદિરમાં ગયો ત્યારે પ્રથમ કલાક-બે કલાક એવું લાગ્યું કે હું ક્યાં આ જેલમાં આવી ચડ્યો. પરંતુ સ્નાન કર્યા બાદ અસહ્ય ગરમી લાગતી હતી તે દૂર થઈ ગઈ અને ખૂબ જ શાંતિ લાગી. ભરપૂર ઉનાળામાં એસી/પંખા વિના આ એક અદ્ભુત અનુભૂતિ હતી.

વૈજ્ઞાનિક શક્યતા : મારા શરીરે સ્નાન કર્યા બાદ ગરમી સાથે અનુકૂલન સાધી લીધું હોય શકે. જો કે હું અંગત રીતે આને હું પૂજ્ય શ્રીમોટાની કૃપા માનું છું.

(૨) મારે મારી લગ્નવિધિ પૂજ્ય શ્રીમોટાએ દર્શાવેલ લગ્નવિધિથી લગ્ન કરવા હતા. આદરણીય વડીલ બાબુભાઈ રામીએ મને જણાવેલ કે હું મારા ઘરે તમને પૂજ્ય શ્રીએ બતાવેલ લગ્નવિધિથી લગ્ન કરાવી આપીશ પરંતુ સામાજિક કારણોસર હું તેમ કરી શક્યો નહિ એટલે જે દિવસે મેરેજ રજિસ્ટ્રેશન કરાવવાનું હતું તે દિવસે મેં એકલાએ જાતે જ પુસ્તકમાં વાંચીને ખૂબ શ્રદ્ધા-ભાવથી લગ્નવિધિ કરી હતી. બાદમાં પૂજ્યશ્રીની આરતી કરતો હતો ત્યારે મને કોણીમાં (હાથમાં) વીજળીનો કરંટ લાગે તેવો સ્પષ્ટ ઝાટકો વાગ્યો હતો. આ અનુભૂતિને હું પૂજ્ય શ્રીમોટાની ચેતનાનું - કૃપાનું પરિણામ માનું છું.

(૩) હું હરિઃૐ આશ્રમ નડિયાદ પૂજ્ય શ્રીના દર્શન કરવા જાઉં ત્યારે પૂજ્ય શ્રીમોટાનો હિંચકો લટકાવેલ હતો તે ઝુલાથી દર વખતે ખૂબ ભાવપૂર્વક મોટાને વંદન કરતો હતો. એક

અનુસંધાન પેજ નં. ૨૦ પર

## (૮) આપણામાં ધર્મ નથી, સ્વાર્થ મોખરે છે

શ્રીમોટા

સ્વાર્થ અને પરમાર્થ એ બે પાસાં છે એમાંથી પરમાર્થ વિશે જ વિચારવું જોઈએ. આઘાત અને પ્રત્યાઘાત એમ બે છે.

ફ્રાન્સમાં બળવો શાથી થયો ? જમીનદારોનો અત્યાચાર થયો એટલે લોકોએ તેઓને કાપી નાંખ્યા. રશિયામાં પણ એમ થયું. **આપણા દેશમાં પણ આજ સ્થિતિ થશે.**

આપણામાં ધર્મ નથી, પણ રાગ, મોહ, સ્વાર્થ મોખરે છે એટલે આપણે સ્વાર્થી છીએ. આવી ખુનામરકી ના થવા દેવી હોય તો એક જ માર્ગ છે કે મનુષ્યના જીવનમાં ધર્મની ભાવનાનો ઉદય થવો જોઈએ.

**આપણા દેશમાં પણ બહુ ગરીબાઈ છે.** હું ગરીબ છું એટલે નહિ પણ હું તો ગામડે ગામડે ફરેલો છું. આપણો દેશ પણ બહુ ગરીબ છે. આપણો દેશ જો સ્વાર્થમાં અટવાયેલો રહેશે તો બીજા દેશના જેવી જ સ્થિતિ થશે. કેરળમાં નક્સલવાદ ચાલી રહ્યો છે. બંગાળમાં પણ ચાલે છે. ગુજરાતમાં પણ શરૂઆત થયેલી પણ બળજબરીથી અટકાવી દેવાયું છે. તમને ખબર ન હોય પણ હું તો આ બધું જોનારો માણસ છું.

આ તો બધાં એંધાણ છે કોઈ Marxism (સામ્યવાદી ચળવળ) આવશે ત્યારે એનાથી કોઈ બચી શકવાના નથી. એકમાત્ર ભગવાનના નામથી જ બચી શકીશું.

કૉલેજમાં મેં ઘણા દેશોનો ઇતિહાસ વાંચેલો. રશિયા, ફ્રાંસ, અમેરિકા વગેરે દેશોના સ્વાતંત્ર્યના ઇતિહાસો મેં બહુ રસથી વાંચેલા અને નિર્ણય કરેલો કે ધર્મ વિના ઉદ્ધાર નહિ થાય. પણ, ધર્મ-ધર્મ બોલ્યા કરીએ કશું નહિ થાય.

અનુભવથી કહું છું કે ભગવાનનું સ્મરણ, એનાથી આંતરિક શક્તિ, વિવેક જાગૃત થાય છે. એનાથી શાંતિ મળશે. કોઈ વાર ભજન લલકારતાં હોઈએ, હાલતાં, ચાલતાં, ફરતાં, ઊઠતાં, બેસતાં જો ભગવાનનું સ્મરણ કર્યા કરીએ તો ચિંતાઓમાં બહુ શાંતિ રહેશે અને કામ કરવાની શક્તિ તો એટલી બધી આવે છે કે ન પૂછો વાત. દુઃખમાં પણ, પીડામાં પણ, મનની શાંતિ રહે છે.

મારા ગુરુમહારાજને જાંઘ પર ફોડલાં થયાં હતાં ત્યારે આ તો મેં જાતે નિહાળ્યું છે કે તે ફોડલામાં જીવડાં પડ્યાં હતાં અને તે જીવડાં નીચે પડતાં તો તેઓ પાછા ફોડલામાં મૂકતા. એ કહેતાં કે આપણે ભોગવવું તો જોઈએ જ. કર્મ પ્રમાણે ભોગવવું જ પડે. બીજા એક 'બાપજી' કરીને હતા. એ બાપજી પણ બધું આમ ભોગવતા. તેઓનો દેહાંત થયો ત્યારે મહાદેવભાઈ દેસાઈએ તો એમના પર લેખ લખેલો 'આખરે એ મહાન તારો ખરી પડ્યો.' હું તો ભણેલો પણ છું. એમ ને એમ નથી કહેતો. આ અનુભવથી કહું છું.

**જો ભગવાનનો ભરોસો, વિશ્વાસ થઈ જાય તો તો કામ થઈ જાય.** આ હું સુરતમાં આવ્યો ત્યારે હું ક્યાં કોઈની સાથે સંબંધ બાંધવા ગયો

**અનુસંધાન પેજ નં. ૧૬ પર**

## (૯) મૌનમંદિરમાં સદેહે સ્વર્ગમાં જવાય છે

મા. શ્રી પ્રભાબહેન ચુનીલાલ કાપડિયા

(પૂજ્ય શ્રીમોટાનાં પૂર્વજન્મનાં બહેન)

મૌન ગાળો : ૨૧-૧૨-૧૯૫૯ થી ૧૧-૧-૧૯૬૦ (૨૧ દિવસ)

આ મૌનમંદિર વિશે તો શું લખું ? આ જીવના દિલમાં તો એક દિવ્યધામ છે. તાપી મૈયાનો કિનારો અને તપોભૂમિ જ્યાં અનેક સંતોએ તપશ્ચર્યા કરી હતી ને તેની દેરીઓ હાલમાં મોજુદ છે. જે જીવ મૌનમાં પ્રવેશે તે એક દિવ્ય લોકમાં પ્રયાણ કરે છે એવું આ જીવના અનુભવે માનવું છે. પછી ભલે તે જીવ સંસારી હોય પણ સદ્‌ગુરુની કૃપાથી અંદર પ્રવેશ થયા પછી તે જીવ સંસારને ભૂલી જાય છે અને પ્રભુમય બને છે અને એવા બે-ચાર મૌન લેવાયા પછી તો સદેહે સ્વર્ગનો અનુભવ થાય છે. આપણા બધાની સ્વર્ગમાં જવાની ભાવના તો હૃદયમાં હોય છે અને તેટલા માટે તો અનેક પુણ્ય, દાન, વ્રતો અને યજ્ઞ પણ કરીએ છીએ. એ છતાં સ્વર્ગ કેવું હશે તે તો કોઈ જાણતા નથી કેમ કે મરણ પછી જવાની ભાવના હોય છે એટલે સ્વર્ગને કોઈ જાણતા નથી. પુરાણોને આધારે માની લીધેલું હોય છે. આપણામાં કહેવત પણ છે કે ‘આપ મુવા વિના સ્વર્ગે ન જવાય.’ કહેવત તો સાચી છે પણ એનો સાચો અર્થ હજુ આપણે સમજ્યા નથી. પણ આ જીવને સદ્‌ગુરુની કૃપાથી એમ સમજાય છે કે આપણામાં રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, મમતાથી ગુરુકૃપાએ કરીને એનાથી દૂર થવાય છે અને શાંતિ, સ્થિરતા, સહનશીલતા, સમતા પ્રગટે તો સદેહે સ્વર્ગ પમાય છે. તે કહેવું તો સહેલ છે પણ કરવું મુશ્કેલ છે. પણ જેમનું ચેતન જાગેલું છે એવા પ્રભુતુલ્ય સદ્‌ગુરુ મળ્યા છે તો તેમની છત્રછાયા નીચે મૌન લેવાયા કરે તો આગળ જતાં સદેહે સ્વર્ગનો અનુભવ થાય.

આપણામાં પહેલા પણ યજ્ઞ થતા હતા ને તે પણ આવા નદીના કિનારે ને એકાંત જગ્યાએ જ. પણ ત્યારે પણ યજ્ઞની રક્ષા કરવા ખાતર ઋષિમુનિઓ ભગવાનને સાથે રાખતા હતા કેમ કે રાક્ષસો યજ્ઞને અભડાવે નહિ. રાક્ષસ એટલે આપણામાં રહેલી વૃત્તિઓ. તે યજ્ઞ વખતે આવીને હેરાન કરે નહિ તે માટેની વાત રામાયણમાં છે. જ્યારે વિશ્વામિત્રને યજ્ઞ કરવો હતો ત્યારે દશરથ રાજા પાસે રામની માગણી કરવા આવ્યા હતા. ત્યારે દશરથ રાજાને એમ થયું કે રામ તો હજુ નાનું બાળક છે, એ શું યજ્ઞની રક્ષા કરશે ? પણ દશરથ રાજાના ગુરુ વશિષ્ઠ ઋષિએ રામને મોકલવાની આજ્ઞા કરી. ગુરુના વચનને માન આપીને રામને મોકલ્યા ને વિશ્વામિત્રનો યજ્ઞ સંપૂર્ણ થયો. આપણે પણ તાપીને તીરે જઈ યજ્ઞ કરીએ ત્યારે તેની રક્ષા માટે સદ્‌ગુરુ હાજર છે એ આપણા અહોભાગ્ય છે. રામ ભગવાન હોવા છતાં દશરથ રાજા (તેમને) પુત્રભાવે, નાના બાળકરૂપે જોતા હતા. તેવી રીતે પૂજ્યશ્રીએ મારા જીવનમાં ઘણા અનુભવો જાગતા કરાવ્યા છે, છતાં આ જીવ હજુ તેમને ઓળખી શક્યો નથી.

**અનુસંધાન પેજ નં. ૧૮ પર**

## (૧૦) તટસ્થતા, સમતા અને સાક્ષીપણું અને મારા શરીરના રોગો અંગે

**શ્રીમોટા**

સાધનાપંથમાં વિકાસ થતાં થતાં તેની કોઈક ભૂમિકામાં શ્રેયાર્થીને સૌથી પ્રથમ **'તટસ્થતા'**નો અનુભવ થતો હોય છે.

તટસ્થતા જ્યારે તેના સંપૂર્ણ પરિપક્વપણાની સ્થિતિમાં જીવંતી પ્રગટી ગયેલી હોય છે, ત્યારથી જ શ્રેયાર્થીના જીવનનો ઊર્ધ્વ વિકાસ સતત ચાલ્યા કરવાની સ્થિતિમાં મુકાઈ જતો હોય છે. એવી સક્રિય ચેતનાત્મક તટસ્થતા જો પ્રગટેલી હોય છે, તો કંઈ જ કશામાં તેનાથી ભેળવાઈ જવાનું બનતું નથી. તે કિનારા ઉપર ઊભો રહીને જે તે બધું પસાર થતું નીરખી શકે છે.

તટસ્થતાની સંપૂર્ણ પરિપક્વપણાની ભૂમિકા પછી **'સમતા'**ની ભૂમિકા પ્રાપ્ત થાય છે. સમત્વને તો શ્રીગીતા માતાજીએ યોગ કહેલો છે. આ સમતાની ભૂમિકા સાધકના જીવનમાં જ્યારે પ્રગટે છે ત્યારે એનો યોગ અને શ્રીભગવાનની ભાવનાની ધારણાની સભાનતા (Awareness) સતત, અખંડપણે જીવતીજાગતી પ્રવર્ત્યા કરતી હોય છે.

જીવનમાં સમત્વ પ્રગટે ત્યારે એને કોઈ પ્રકારનું બંધન નથી હોતું. શ્રીભગવાનની સાથેની એના હૃદયની સાંકળ ત્યારે અખંડિત હોય છે અને શાશ્વત પણ હોય છે. બીજાં ગમે તે કર્મોમાં તે પરોવાયેલો હોય તેમ છતાં તે તો સતત શ્રીભગવાનની ધારણાની સભાનતામાં જ હોય છે.

સમતાની આવી ભૂમિકા પછી **'સાક્ષીપણા'**ની ભૂમિકા પ્રગટે છે અને તે ચેતનના સંપૂર્ણ અનુભવની પરિપક્વ ભૂમિકાનું લક્ષણ છે.

શરીર જ્યારે કોઈ પણ રોગથી માંદું હોય ત્યારે તેની સ્વસ્થતા ટકતી નથી.

મારા શરીરમાં કોઈ એકાદ રોગ નથી. માથામાં ઝામર, આંખમાં ખીલ, ચામડીનું દર્દ, લોહીના દબાણની અનિયમિતતા, દમ, મૂત્રપિંડ-પ્રોસ્ટેટગ્લેન્ડ, અનિદ્રા, ગળાનું દર્દ, હરસમસા, કરોડરજ્જુના ત્રણ મણકા વચ્ચેની ગાદી ખસી ગયેલી છે ને જેને કારણે સતત સૂઈ રહેવું પડે ને તેનું દર્દ તો સતત ચાલુ જ રહ્યા કરે-આવાં બધાં દર્દો હોવા છતાં શ્રીપ્રભુ-કૃપાથી શ્રીપ્રભુપ્રીત્યર્થના કર્મયજ્ઞમાં પ્રેમભક્તિ-ભાવે સતત હોમાયા જવાનું થયા કરે છે. એ એની કૃપાપ્રસાદી છે.

શરીર જ્યારે રોગથી પીડાતું હોય છે, ત્યારે મન સંપૂર્ણપણે શરીરમાં વળગેલું રહે છે. **સામાન્ય માનવીનું સમગ્ર જીવન શરીરમાં જ સમાયેલું છે.** તેની સકળ પ્રવૃત્તિના કેંદ્રમાં માત્ર શરીર છે. શરીરની માંદગી જ્યારે વધારે હોય છે ત્યારે મન તેમાં જ એકાકાર થઈ જાય છે.

મારા શરીરને જે આટલા બધાં રોગો ને દર્દો મળ્યાં છે તેને હું ભગવાનની કૃપાપ્રસાદી સમજું છું. આ બધાં જ દર્દો ભારે વેદના પ્રગટાવનારાં છે, તેમ છતાં શ્રીભગવાનની કૃપાથી આશ્રમમાં આવતા બધા જ લોકો સાથે હસી-ખુશી અને

આનંદથી વાર્તાલાપ થાય છે અને તેમના જીવનના પ્રશ્નોમાં ભાગ લેવાય છે.

આ ઉપરાંત, જે જે કંઈક પરમાર્થનાં કર્મો હાથ ઉપર લેવાયેલાં છે અને તે માટે જે કોઈ દક્ષિણા આપવાનું સ્વીકારે અને તેવું આમંત્રણ જ્યાં જ્યાં મળ્યું હોય તેવાં અનેક ઠેકાણે જવા-આવવાનું શ્રીપ્રભુકૃપાથી બન્યા કરે છે.

એકલું મણકાનું દર્દ જ ભયંકર વેદનાકારી છે. મોટરમાં સુતાં સુતાં જવાનું હોય છે તેમ છતાં પણ તેવી મુસાફરી કરીને શરીરનું જે આમ તેમ હાલવાનું, અથડાવાનું બને તેનાથી કરોડરજ્જુનું દર્દ ઘણું વધી જતું હોય છે. આવું હોવા છતાં પણ શ્રીભગવાનની કૃપાથી કોઈ પણ આવો કાર્યક્રમ દર્દને કારણે જતો કરવાનું બન્યું નથી, તે ભગવાનની કૃપા છે.

સતત ઘણા રોગોની વેદનામાં શરીર હોવા છતાં અને તેની વેદનાની સભાનતા હોવા છતાં તેમાં સંપૂર્ણ સાક્ષીત્વ ધરાવી રહેલ છું. મોટાના જીવનનો જીવતોજાગતો આ એક ચેતનાત્મક પ્રયોગ છે. જ્યારે આત્માની શક્તિનો આવા માધ્યમ દ્વારા અનુભવ થતો હોય ત્યારે તેને તો શ્રીભગવાનનો કૃપાપ્રસાદ જ લેખાય. તે વિના શરીરનું ટકવું અશક્ય છે.

જીવનમાં જે સહેવાનું આવ્યું છે, તે સહેવાનું એવી રીતે થયા કર્યું કે જેમાંથી જીવનનો વિકાસ થાય. ઉમળકાથી, પ્રેમભક્તિથી અને જીવન-વિકાસના હેતુની સભાનતાથી સહેવું - એવું સહેવું એ તપશ્ચર્યા છે. એનાથી જીવનવિકાસ માટેનાં ગુણ, ભાવ અને શક્તિ પ્રગટે છે.

'જીવન તપ', પ્ર. આ., પૃ. ૧૬ ❑

**અનુસંધાન પેજ નં. ૧૩ નું ચાલુ**

હતો ? કોઈ કદાચ કહે કે આ તો ધર્મનું બહાનું છે એટલે બધું મળે છે, પણ એમ નથી. પૈસા મળે એ તો સારા કામમાં વાપરવા માટે જ છે. તમને પણ કહું છું કે કરકસર કરો. શાકમાં ઓછું તેલ નાંખો, પૈસા બચાવો અને પરમાર્થ તો કરતા જ રહો. નહિ કરો તો આ કાળ એવો આવશે કે તમારા રૂપિયા સાચવ્યા સચવાશે નહિ. ટોચ ઉપર બેઠા છીએ. આ બાજુ જીવ્યા અને આ બાજુ મર્યા. આ સંક્રાંતિ કાળ છે. માત્ર આપણા દેશમાં જ નહિ બીજા દેશમાં પણ એમ જ છે.

ધર્મ સિવાય આપણે નથી બચી શકવાના. બધા મહાત્મા પુરુષ કહી ગયા છે કે આપણો દેશ ફરી જાગશે, ધર્મની ભાવના સતેજ થશે. ફરીથી એની સંસ્કૃતિની પતાકા આખી પૃથ્વી પર ફરકશે, પરંતુ એવી ઉત્તમ પ્રકારની ભાવનાવાળા માણસો મળી રહે તો બધુંએ થઈ શકે. પરંતુ આજે એવા માણસો મળવા દુર્લભ છે.

એટલે પ્રભુને પ્રાર્થના કરું છું કે અમે અધૂરા છીએ તો અમને પૂર્ણ બનાવ. એ માટે જ મારા પ્રયત્નો છે. એટલે એક બાજુ અંતરમુખ થવાય એ માટે આ મૌનમંદિર બંધાવ્યાં છે. અને બીજી બાજુ સમાજમાં ગુણ અને ભાવના જાગે એ માટે સમાજને બેઠો કરવાનાં કામો હાથ પર લીધાં છે, તો તમો એમાં પાઈ પૈસો આપતાં રહેજો અને કાંઈ ન બને તો ભગવાનનું સ્મરણ તો કરતાં રહેજો.

'સ્વજનોને સંબોધન', પ્ર.આ. પૃ. ૩૪ ❑

## (૧૧) આ તો કેવો કારીગર !

**શ્રી રવિશંકર મહારાજ**

તલાટીથી માંડીને મોટા મોટા અમલદાર સુધી તથા પ્રધાનો અને જનતા સૌ કોઈ કહે છે કે આ બધો વહીવટ સરકારના હુકમથી ચાલે છે. પણ હકીકતમાં સરકાર તો આપણને દેખાતી જ નથી. સરકાર તો અવ્યક્ત છે.

આવી જ રીતે ચોર્યાસી લાખ જીવો ઈશ્વરના હુકમ પ્રમાણે ચાલે છે. એની અદ્‌ભુત વ્યવસ્થા પ્રમાણે સૃષ્ટિનો ક્રમ ચાલ્યા કરે છે. છતાં એ આપણને દેખાતો નથી. એની ભાળ ક્યાંય નથી લાગતી.

કેટલાક બુદ્ધિશાળી માણસો પોતાને ઘેર ૨૦૦-૫૦૦ લોકોને જમવા બોલાવે છે. ત્યારે તે દિવસે બિલકુલ નિશ્ચિંત બનીને તેઓ બધા સાથે વાતો કરે છે કારણ કે એમણે પહેલેથી બધી વ્યવસ્થા ગોઠવી રાખી હોય છે. તેમ આ સૃષ્ટિનો સરજનહાર પણ નિશ્ચિંત બનીને ક્ષીર-સાગરમાં અંગૂઠો ચૂસતો ચૂસતો સૂતો છે, કારણ કે આખી સૃષ્ટિની નખશિખ વ્યવસ્થા એણે અગાઉથી કરી રાખેલી છે.

એની લીલા તો અદ્‌ભુત છે. એક જ પ્રકારની માટી, એક જ હવા, એક જ પાણી, એક જ ખાતર તોયે આમલી ખાટી, શેરડી મીઠી, તેની બાજુમાં જ કારેલાં કડવાં. દરેક પોતાના ગુણ પ્રમાણેનાં તત્ત્વો મેળવી લે. ઈશ્વરે ડિસ્ટિલ વૉટર આંખમાં રાખી મૂક્યું છે. તે સતત આંખ ધોવાનું કામ કરે છે. અજબ જ છે એની રચના, અજબ છે એની સૃષ્ટિ !

હૃદયમાં ધમનીની રચના તો જુઓ ! એક બાજુથી શુદ્ધ લોહી જાય, બીજી બાજુથી અશુદ્ધ લોહી આવે, પણ કોઈ કોઈની સાથે ભેળું ન થાય. ૪૦ કરોડને એકઠા કરો, પણ એકેયનું મોઢું સરખું નહિ. ઘેટાંનાં ટોળાંમાં જાતજાતનાં ને ભાતભાતનાં ઘેટાં. દરેક જુદું જુદું, તોયે ભરવાડ બધાંને જ ઓળખે.

છાણમાંથી ગૅસ થાય છે અને તેના દીવા પ્રગટે છે. આ ગુણ કોણે પેદા કર્યો ? આજે તો અવાજ પણ પકડાય છે. બોલો અહીં વડોદરામાં અને સંભળાય (તથા દેખાય-સં.) ત્યાં અમેરિકામાં.

જેને આપણે નરી આંખે જોઈ પણ શકતાં નથી, માત્ર સૂક્ષ્મદર્શકયંત્ર વડે જ જોઈ શકીએ છીએ તેવા જીવજંતુને પણ ઈશ્વર જરૂરી એવી બધી વસ્તુઓ આપી રહે છે.

આમ, એની લીલા અકળ છે. તેનો પાર પામી શકાય તેમ નથી. એને અવર્ણનીય, અકલ્પનીય અને અનિર્દેશનીય કહ્યો છે. કૂવામાં દેડકો ફર્યા કરે છે, પણ કૂવામાં પાણી કેટલું છે તેનો તેને ખ્યાલ જ નથી આવતો. આપણા પેટમાં અસંખ્ય કીડાઓ છે પણ એમને આપણે કોણ છીએ એનું જ્ઞાન જ નથી. તેવું જ આપણું પણ છે. આપણે એની રચેલી આ સૃષ્ટિમાં વિહરીએ છીએ પણ એ સૃષ્ટિના સર્જનહારનું આપણને જ્ઞાન નથી.

વેદમાં એક મંત્ર આવે છે કે સકળ સૃષ્ટિમાં તે એક જ છે. ધરતી, આકાશ બધાનો આધાર એ જ છે. એ સર્વત્ર વ્યાપેલો છે. એનો તાગ પામવો હોય તો માત્ર અનુભૂતિ દ્વારા એનો કંઈક અણસાર મેળવી શકાય છે.

જેમને ઈશ્વરની થોડી પણ અનુભૂતિ થઈ છે, એમનામાં આપણે એની અદ્‌ભુત શક્તિનો કંઈક સંચાર થયેલો જોઈ શકીએ છીએ. એમને હંમેશાં એવું સ્મરણ રહે છે કે ઈશ્વર અમારી સાથે છે અને એ હરપળે અમને મદદ કરી રહ્યો છે, અમારું રક્ષણ કરી રહ્યો છે. કોઈ ખૂબ મોટી નદી હોય, ધસમસતો પ્રવાહ હોય, છતાં જો તેના પર પુલ બાંધ્યો હોય તો આપણે એ પુલ વાટે ખૂબ જ સહેલાઈથી સામે પાર જઈ શકીએ છીએ, પણ પૂરી આવડત વિના નદીમાં તરીને સામે પાર જવાનું કરીએ તો પ્રવાહમાં તણાઈ જઈએ અને ડૂબી જઈએ. એટલે ભક્તોએ, ઋષિ-મુનિઓએ આપણા માટે શ્રદ્ધા રૂપી પુલો બાંધી રાખ્યા છે. તે દ્વારા આપણે ભગવાનની કંઈક ઝાંખી મેળવી શકીએ છીએ.

જ્યારે હૃદયમાં ઈશ્વરની અનુભૂતિ થાય છે ત્યારે આપણા સમગ્ર અસ્તિત્વમાં આનંદ વ્યાપી જાય છે અને લેશમાત્ર ભય રહેતો નથી. પણ આવી શ્રદ્ધા ન હોય તો માણસ ઈશ્વરનું અસ્તિત્વ પણ સ્વીકારી શકતો નથી. હું જ બધું કરું છું એવું એને સતત રહ્યા કરે છે અને આવા અહંકારને લીધે માણસને ભગવાન યાદ નથી આવતો.

ભગવાન તો કૃપાનિધિ છે. શ્રદ્ધાથી, નમ્રતાથી આપણે એની પાસે જઈએ તો એ આપણા પર અપાર કૃપા વરસાવે છે. ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરવા આપણે ઈશ્વરને ગમતાં કામો કરવાં જોઈએ. કામનાઓ સંતોષવા, નામના મેળવવા, ભેળું કરવા જે દોડધામ કરતા હોય તેમના પર ઈશ્વરકૃપા નથી ઊતરતી. ઈશ્વર પાસે પહોંચવા માટે કેટલાક સંકલ્પ કરવા પડે જેમ કે હું તન-મન પવિત્ર રાખીશ, કોઈના ખપમાં આવે એવું જીવીશ, ઈશ્વરની સ્તુતિ કરતો રહીશ.

'સંતની મંગલવાણી-રવિશંકર મહારાજ', ચોથી આ., પૃ. ૫ ❑

---

**અનુસંધાન પેજ નં. ૧૪ નું ચાલુ**

પ્રભુ એની કૃપાથી આ જીવના મનઃચક્ષુ લઈ લે અને દિવ્ય દૃષ્ટિ આપે એ જ હૃદયની ભાવભરી નમ્ર પ્રાર્થના. આ જે કંઈ લખાયું હોય છે તે પણ ગુરુકૃપાપ્રસાદી છે બાકી આ જીનવનમાં તો કશું જ નથી. જેથી આજે જે કંઈ લખાયું હોય તે શ્રીગુરુચરણકમળે હૃદયના ભાવભર્યા પ્રણામો સાથે અર્પણ.

(મૌન નિવેદન પૂર્ણ) - હરિઃૐ

**સંદર્ભ : પ્રભાબહેન; પૂજ્ય શ્રીમોટાના પૂર્વજન્મના બહેન - શ્રી ઝીણાકાકાના સ્વમુખે**

શરૂઆતમાં (૧૯૪૩ની સાલમાં) શ્રીમોટા સુરત આવતા ત્યારે પગથિયા શેરીમાં પ્રભાબહેનને ત્યાં જ રહેતાં ત્યારે સુરતમાં એક પણ માણસ મોટાને ઓળખતો નહિ અને કોઈ મોટાને જાણતું પણ નહિ. પ્રભાબહેન મોટાના પૂર્વજન્મના બહેન હતાં. પ્રભાબહેનના પતિનું નામ ચુનીભાઈ હતું. તેઓ રેલ્વેમાં સ્ટેશન માસ્તર હતા.

(શ્રી ઝીણાકાકા પ્રભાબહેનને મળવા ઘણીવાર જતા, આમ તો ઝીણાકાકા પાન ખાતા નહિ પણ પ્રભાબહેન પાન આપે તે ખાઈ લેતા. શ્રીમોટાને પણ પ્રભાબહેને જ પાન ચાલુ કરાવેલું અને પ્રભાબહેનને નિમિત્તે જ મોટા પાન ખાતા. પ્રભાબહેન ઓછું ભણેલા હતાં છતાં તેમને બહુ સારાં ભજનો સ્ફુરતાં હતાં. તે ભજનો 'પ્રભાકિરણ' નામની ચોપડીમાં છપાયેલાં છે. - સં.)

'ઝીણાકાકા સાથે વાર્તાલાપ', પ્ર.આ. પૃ. ૧૬૯-૧૭૦ ❑

# (૧૨) હિમાલયમાં મળેલા ત્રીજા મહાત્માની વાત

**શ્રીમોટા**

હિમાલયમાં મને એક અઘોરીબાબા મળેલા. હિમાલયના બીજા મહાત્માને જે મળવાનું બનેલું તેઓને હિંદુ મહાવિદ્યાલયના સંદર્ભમાં માલવિયાજી બનારસ લઈ આવેલા. તેઓશ્રી તો દિગંબર અવસ્થામાં રહેતા. શ્રી માલવિયાજી તેઓને સુગંધીવાળા ફૂલોના હારથી આખા શરીરને ઢાંકીને કાશીવિશ્વનાથના મહાદેવની પ્રાણપ્રતિષ્ઠા માટે ખાસ લઈ આવેલા.

હિમાલયમાં રહેતા ત્રીજા મહાત્માને મારે જ્યારે મળવાનું બનેલું તેઓ જ્યાં ગંગાજીનું મંદિર છે એમાં જ રહેતા હતા. બરફ પડવાના કારણે આ મંદિર છ મહિના ખુલ્લું રહે અને છ મહિના બંધ રહે. ગામડામાંથી પણ લોકો ત્યાં આવતા. બરફ પડવાના છ મહિના લોકો નીચે ઊતરી જતા. હું એક બાજુ કોક ઠેકાણે રહેતો.

ત્યાં એક મકાન હતું. એક બાઈ રાખેલી. એક છોકરો રાખેલો. તે બધું કામકાજ કરે. પૈસાનો બધો હિસાબકિતાબ રાખવા એક મુનીમ રાખેલો. પૈસા કોણે મોકલ્યા તેનો હિસાબ રાખતો. ત્રણ જણ રહેતા હતા. બીજા માણસો આવજા કરે.

આ મહાત્મા મૂંગામૂંગા બેસી રહે. કોઈ પ્રશ્ન પૂછીએ એટલે જવાબ આપવો જ જોઈએ એવું નહિ. મરજીમાં આવે તો સવાલનો જવાબ આપે. નહિતર ના આપે. બેચાર વાર પાછળ પડવું પડે. આપણે એની પાછળ ફર્યા જ કરવું પડે. હું પાંચ-છ દિવસ સુધી એમની પાછળ ફરતો રહ્યો ત્યારે એમણે છઠ્ઠે દિવસે મારી સાથે વાત કરી. એટલી ધીરજ સામાન્ય રીતે તો કોઈને રહે નહિ. એવાને તો એમ જ થાય કે ‘એ ના બોલ્યા તો છો સૂઈ ગયા’ આપણે તો હેંડો, એમ કહે તો પત્તો ના ખાય.

આ મહાત્માની સેવામાં જે બાઈ રહેતી હતી તેણે મહાત્માની બધી નેગેટિવ-નકારાત્મક વાતો મને કરી. જોકે સંસારમાં એને સ્વીકારવાવાળા બહુ થોડા હોય. મને મનમાં થયું કે આવા મોટા મહાત્મા પુરુષ છે, અને આ બાઈને આટલો બધો મદ છે ? એ ભગવાનની કૃપાથી જાય તો સારું, કારણ કે આ બાઈ કેટલાયને કહેતી ફરશે અને લોકો આ બાઈનું માનશે. પેલા મહાત્મા તો કંઈ સ્પષ્ટતા કરવા જવાના નથી. લોકો તો વાત ફેલાવ્યા કરશે. એટલે મેં ભગવાનને પ્રાર્થના કરી કે ‘તું આને સદ્‌બુદ્ધિ આપ અને આ બાઈ મહાત્માનું ખરું સ્વરૂપ જુએ અને એની આવી બુદ્ધિ નીકળી જાય એવું તું કર. આ દૂર હટાવવા જેવી વાત મને લાગે છે. માટે કોઈ પણ ઉપાયે આ થવું જોઈએ.’ એમ મેં આખી રાત પ્રાર્થના કરવા માંડેલી.

સવારમાં ઊઠીને, દાતણપાણી કરીને નદીમાં નાહીને મેં ધોયેલા કપડાં પહેર્યાં. ગંગાસ્નાન કરતાંય પ્રાર્થના કરી. પછી એ બાઈ આવીને મને પગે પડીને કહે, ‘મોટા, હવેથી હું આવું કામ નહિ કરું. મને હવે એનું પ્રાયશ્ચિત બતાવો. મેં કહ્યું, ‘આનું પ્રાયશ્ચિત એ કે દૃઢ વ્રત લે. ભૂલેચૂકે પણ આના વિરુદ્ધમાં કંઈ પણ તારે કહેવું નહિ અને તને કંઈ પણ શંકા થાય તો એમને જઈને પૂછી આવજે.’ એ બાઈ મને કહે,

'મારી જોડે એ વાત કરશે ? મેં કહ્યું, 'હા તારી જોડે વાત કરશે.'

પછી એ બાઈને મહાત્મા પાસે લઈ ગયો. હું પગે લાગ્યો. મેં બધી વાત કરી અને કહ્યું, 'આને કંઈ શંકા થાય અને કંઈ પૂછે તો ભગવાનને ખાતર એને જવાબ આપજો. એટલું વચન આપો.' તો મહાત્મા કહે, 'હા, જા વચન. એણે કેવી વાતો મારા વિશે ફેલાવી છે તે હું જાણું છું. જેવી ભગવાનની મરજી, એને આવીને જે કંઈ પૂછવું હોય તે પૂછે, વાતચીત કરવી હોય તોપણ કરે. એને મદદ જોઈતી હશે તો આપીશ.'

મેં એ બાઈને કહ્યું, 'જો કેટલા ઉદાર છે ! તેં ખરાબ કર્યું પણ તને મદદ આપવા તૈયાર છે.' આવા મહાત્માઓ પણ હોય છે.

આજે આ સંસારમાં મારા વિશે ગમે તેટલું ખરાબમાં ખરાબ બોલતા હોય, વિચારતા હોય, તોય તેને પણ હું ચાહું છું. એવું કબૂલ કરનારા પણ છે. હું ચાહ્યા વિના રહું નહિ. મારાથી રહેવાય નહિ, સાહેબ !

કોણ જાણે કેમ, પણ મને સાચું લાગે છે કે ભગવાનનું એ જ લક્ષણ છે કે દરેકને એ ચાહે છે. એવું નહિ કે સાચાને જ ચાહે છે. ભગવાન ખોટાને પણ ચાહે છે. કોક દિવસ એમાંથી એનો ઉદ્ધાર થવાનો છે. ભગવાન સાચાને પણ ચાહે છે અને જૂઠાને પણ ચાહે છે.

'તદ્રૂપ-સર્વરૂપ', પ્ર.આ. પૃ. ૭૩ ❑

---

**અનુસંધાન પેજ નં. ૧૨ નું ચાલુ**

વખત આ રીતે વંદન કરવાનું ભૂલી ગયો. ચારેક ફૂટ આગળ નીકળી ગયો ત્યારે ખડંગ કરતો અવાજ આવ્યો. આ અવાજ હિંચકા પર મૂકેલ લોખંડના બોર્ડ (પાટિયું) પડવાનો હતો. આ પાટિયા પર લખેલ રહેતું કે 'આ પૂજ્ય શ્રીમોટાનો હિંચકો છે.'

મને ટ્યૂબલાઇટ થઈ કે આ તો પૂ. શ્રીમોટાએ આ રીતે મને યાદ કરાવ્યું. મારા વૈજ્ઞાનિક માનસે શંકા કરી હતી કે પવનથી કે ખિસકોલીથી તો પાટિયું પડ્યું નથી ને ? પરંતુ પવન પણ ન હતો કે ખિસકોલી પણ જોવા ન મળી. આથી હું આ ઘટનાને પૂજ્યશ્રીની ચેતનાનું પ્રમાણ - કૃપા માનું છું.

નોંધ : આવા બીજા કેટલાક અનુભવો થયેલ છે. જો સ્વજનોને ગમશે અને તક મળશે તો ભવિષ્યમાં જણાવીશ.

આ ચમત્કારોથી આપણી શ્રદ્ધાભક્તિ વધવી જોઈએ. જો તેમ ન થાય તો આ અનુભૂતિઓ અર્થહીન છે. ❑

**મન લાગો મેરો યાર ફકીરી મેં**

એટલે માત્ર ગરીબાઈ નહિ, માત્ર ત્યાગ નહિ. ફકીરી એટલે માત્ર ફનાગીરી પણ નહિ. જેનામાં મન-દિલ લગાડી દેવાનાં છે, તેના વિના બીજા કશામાં તે ચોંટી જ ન શકે એવી મસ્ત દશા પ્રગટેલી હોય તે પણ 'ફકીરી'ના અર્થ માટે પૂરતું નથી. એનાથીયે આગળ ફકીરીનો ભાવ તો જીવનવિકાસની ઉત્તમમાં ઉત્તમ જ્ઞાનમૂલક કક્ષાઓમાં પ્રગટતો રહ્યા કરે છે.

'જીવનપરાગ', બી.આ., પૃ. ૧૦૬ - **શ્રીમોટા**

## (૧૩) હરિનામસ્મરણ મહિમા

**લેખક : અજ્ઞાત**

આશરે ૧૨૦૦ વર્ષે પહેલાં ઈ.સ. ૮૫૮ના અરસામાં અરબસ્તાનમાં મન્સૂર અલ હલ્લાઝ નામના સૂફીસંત થઈ ગયા. હંમેશા તેઓ અનલહકનું અજપાજાપ નામસ્મરણ કર્યા કરતા. અનલહક એટલે 'અહં બ્રહ્માસ્મિ' 'હું જ ભગવાન છું' એવો અર્થ થાય. એક ફકીર પોતાને સર્વજ્ઞ માને છે. ત્યાંના રૂઢિચુસ્ત સમાજે ઈર્ષાભાવથી પ્રેરાઈ આ વાતની જાણ ત્યાંના બાદશાહને કરી. આથી ઉશ્કેરાયેલા રાજાએ મન્સૂરને દંડ દેતાં તેમનાં બંને હાથ કાપી નાખ્યા. છતાં પણ સ્વસ્થ્ય ચિત્તે તેમણે અનલ હકનો જપ ચાલુ રાખ્યો. તે પછી વારાફરતી આ સૂફીના માંસના ટુકડેટુકડા તમામ અંગોના કરી નાખવામાં આવ્યા. આશ્ચર્યના વચ્ચે માંસના ટુકડાઓ પણ અનલહક રટવા લાગ્યા. મન્સૂર પૂર્ણ વિકસિત બ્રહ્મજ્ઞાની હતા. દેહભાવથી પર આ સૂફીજીવે પોતાની કતલ થતી હોવા છતા વેદનાનો કોઈ અણસાર સુધ્ધાં આવવા દીધો નહિ. છેવટે અનહલક બોલતા માંસના ટુકડાને જલાવી દેવાનો બાદશાહે હુકમ છોડ્યો. સળગીને થઈ ગયેલી રાખમાંથી નાદ સંભળાયો 'અનલહક'. સતત નામસ્મરણ સંત-કરણ (હૃદયને) પવિત્ર બનાવે છે અને પવિત્ર થયેલું મન સાધકને પરમાત્માના સાક્ષાત્કાર તરફ દોરી જાય છે.

'ખોજી નામકમાઈ મહાસંત-૨', પ્ર.આ.માંથી સાભાર ❑

## (૧૪) ગુરુકાર્યકારિણી

**ભાલચંદ્ર જી. શુક્લ**

ભૌતિકવાદીને પ્રશ્ન કરવાનો અધિકાર છે કે ગુરુ હાજર ન હોય તો શું ? કેટલાક ગુરુઓ દર્શન આપતી વખતે બાજુમાં ઊભેલી અન્ય વ્યક્તિ સાથે વાત કરતા હોય છે તો દર્શન કરનાર ભક્તનું કેવી રીતે કલ્યાણ થાય ?

ગુરુની ચૈતન્યશક્તિ તે વખતે કાર્યરત થઈ જતી હોય છે અને ગુરુનું કાર્ય તે કરી દે છે આ માટે બે ઘટના : (૧) ગુજરાતનાં નડિયાદની સ્મશાનભૂમિમાં રાત્રે સદ્‌ગુરુને ઉદ્દેશીને પૂજ્ય શ્રીમોટા ભાવપૂર્વક 'પ્રભુશરણ ચરણમાં રાખો રે પાવલે લાગું' ભજન ગાય છે. આ બાજુ સાઈ ખેડા (મધ્યપ્રદેશ)માં પૂજ્ય શ્રી મોટાના મિત્ર શ્રી ભગવતપ્રસાદ પંડ્યાને પૂજ્ય શ્રી કેશવાનંદજી ધૂણીવાળા દાદાએ આખું ભજન શબ્દેશબ્દ ગાઈ બતાવી કહે છે. આ છોકરો (પૂજ્ય શ્રીમોટા) ખૂભ ભાવથી ભજન ગાય છે એટલે તે ભજનો હું અહીં સાંભળી શકું છું. - આ ભૌતિકવાદીઓને પૂછવા તો દો કે શું ગુરુ નડિયાદના સ્મશાનમાં હાજર હતા ? અને તમારા જવાબમાં ના છે તો તેમણે કઈ શક્તિથી ગુજરાત અને મધ્યપ્રદેશના દૂર અંતરના બાધ વગર, ભાષાની ભિન્નતાના બાધ વગર સમયના બાધ વગર પૂજ્ય શ્રીમોટાના અને શ્રી ભગવતપ્રસાદની મિત્રતાના સંબંધની કોઈ પણ દ્વારા જાણ થયા વગર તેમની આગળ જ આ વાર્તાલાપ કર્યો ? આ ભૌતિકવાદી આપણી વામણી બુદ્ધિથી સમસ્ત બ્રહ્માંડમાં જે બ્રહ્મની પ્રચંડશક્તિની રેલની છોળો ઊડીને બ્રહ્માંડમાં સમાતી પણ ન હોય તે માપવાનો વ્યર્થ પ્રયાસ કદી ન કરવો. કારણ કે એ શક્તિની કાર્યકારિણી દ્વારા જ આ શક્ય બને છે.

'ગુરુકાર્યકારિણી' (ભાગ-૩), પૃ. ૧૩૮ ❑

## (૧૫) જગત મૃત્યુનો મુલક છે શ્રીમોટા

મૃત્યુનું સ્વરૂપ જગતે માની લીધેલું છે એવું કારમું છે જ નહિ. માનવીની નજરે ખૂબ ભયંકર દેખાય છે, પણ એમાં સાચી વસ્તુ વિશેનું અજ્ઞાન જ છે.

જ્યાં મૃત્યુ છે ત્યાં જ નૂતન જીવન પણ છે અને જ્યાં જીવન છે ત્યાં મૃત્યુ પણ નિશ્ચિત છે. પ્રત્યેક વસ્તુ પળેપળ રૂપાંતર પામતી જાય છે, એટલે કે તેનું જૂનું નાશ પામે છે અને એ જ પળે નવું જન્મે છે. મૃત્યુ અને જીવન એક જ જીવનતત્ત્વનાં બે દર્શન છે. પણ માનવીએ તેમાં આકાશ-પાતાળનો ભેદ પાડી નાખ્યો છે. **એ ઉપરથી સમજી શકાય કે હજી જગત કેટલું અજ્ઞાન દશામાં પડ્યું છે.**

જન્મની પૂર્વે અને મૃત્યુ પછી જીવનું શું થાય છે એ એને નથી સમજાતું ત્યારે વિવિધ કલ્પનામાંથી જીવનનો પલટો કરનાર મૃત્યુની સ્થિતિને માનવી ધિક્કારે છે - અને તેથી ભય પામે છે. એ જાણે છે ખરો કે **'નામ તેનો નાશ' છે,** છતાં એ સત્યની અવગણના કરીને તે જીવે છે.

મૃત્યુની પાછળ શોક કરવાની વૃત્તિમાં તો નરી આસક્તિ જ છે અને અજાણી પણ ઊંડી સ્વાર્થવૃત્તિ પણ હોય. શોકની લાગણીમાં સાત્ત્વિકતા નથી, એમાંથી જીવનનો વિકાસ થતો નથી. જે સરે તે સંસાર અને જે જાય તે જગત.

જેને સમજણ નથી તે ભલે જગતના ગાડરિયા પ્રવાહમાં તણાય. તેમાં તેનો દોષ નથી. પણ આપણે એકવાર સમજ્યા પછી પણ તેને જીવનમાં ઉતારવાનું ન કરીએ તો આપણે કેવા કહેવાઈએ ?

'જીવન સંદેશ', બી.આ. પૃ. ૨૪૯ ❑

## (૧૬) મૃત્યુના ડર અંગે શ્રીમોટા

મૃત્યુનો ભય એ ખરી રીતે તો માનવીના મનની નબળાઈને કારણે છે. શરીર પરત્વે રાગ, મોહ અને આસક્તિનું પણ એક કારણ છે. એનાથીય વધુ મોટું જબરજસ્ત કારણ તો એ છે કે આપણે પોતે શરીરરૂપ જ થઈ ગયાં છીએ અને શરીર જ સર્વસ્વ છે એવી જ પાકા પાયાની સમજણ આપણામાં પ્રવર્તેલી છે. **શરીર પરનાં મમતા અને રાગ છૂટે તો મૃત્યુનો ડર છૂટી શકે.**

મન, પ્રાણ, ચિત્ત, બુદ્ધિ અને અહમ્ - એ બધાં શરીરથી જુદાં છે અને આત્માનું ચેતન તો તેનાથીય જુદું છે, પરંતુ સામાન્ય રીતે તો માનવી શરીરને જ તે બધું ગણે છે અને શરીર વડે જે તે બધી એની ક્રિયાઓ ચાલ્યા કરતી હોવાથી અને તેમાં તે તદ્રૂપ બની ગયેલો હોવાથી માનવી શરીરરૂપ જ થઈ ગયો છે.

**શરીર પરત્વેનાં રાગ-મમત્વ-મોહ એ તો છેલ્લામાં છેલ્લી ન તૂટે એવી મડાગાંઠ છે અને તે તૂટવી ઘણી મુશ્કેલ પણ છે**, પરંતુ આપણે સૌથી પ્રથમ તો બુદ્ધિથી વિચારી વિચારીને શરીરથી નોખા છીએ એમ સમજવું અને પ્રમાણવું.

શરીરને જન્મ અને મૃત્યુ એ સ્વાભાવિક સ્થિતિ છે. શરીરના જન્મમાં માનવીને ડર નથી કારણ કે ત્યારે જે શરીર ધારણ કરીને જીવ જન્મે છે તેવે કાળે તે જીવને બીજી બહારની વિશેષ સમજણ પ્રગટેલી હોતી નથી. મૃત્યુનો ડર તો શરીર મોટું થયા પછી જન્મે છે યા પ્રગટે છે.

મૃત્યુનો ડર તો બુદ્ધિની સમજણ પ્રેરાવીને પણ ઓછો કરી શકાય છે-મોળો પાડી શકાય છે.

'ધનનો યોગ', ત્રીજી આ. પૃ. ૯૬ ❑

## (૧૭) એકાગ્રતાવાળો જીવ મહાસુખિયો

**શ્રીમોટા**

ગરજ વિના, કોઈ સ્વાર્થ વિના, કંઈ કોઈ તલસાટ વિના એકાગ્રતા થતી નથી. સંસારવ્યવહારનાં કામોમાં એકાગ્રતા થવી સરળ છે. જો આપણને તે અંગે કંઈ સ્વાર્થ લાગ્યો હોય, ગરજ હોય, એની જરૂરિયાત પ્રગટી હોય, ત્યારે આપમેળે આપણને એકાગ્રતા થાય.

કેટલાક લોકો ધીરજવાન હોય છે. તેઓ પોતાને જે પરિસ્થિતિ મળી છે તે પરિસ્થિતિ પોતાના વિકાસ માટે જ છે એમ સમજીને એનો સ્વીકાર કરે છે. ઉપરાંત જેનો જેને માટે સ્વાર્થ છે તેનો તેના માટે તો એકાગ્રતા થાય જ. બીજા એક પ્રકારના એવા માણસો હોય જે પરિસ્થિતિ આવે તો નર્વસ થઈ જાય. જેની બુદ્ધિ બહેર મારી જાય, તેને કદી પણ એકાગ્રતા થાય જ નહિ. કારણ કે તે ગભરાઈ જાય ને? એકાગ્રતા થાય એટલે માણસ ગભરાય નહિ, નિશ્ચિંત થાય.

એકાગ્રતા થવાને લીધે એ વસ્તુસ્થિતિનો ઉકેલ પણ આપમેળે જલદી મળી જાય. જેને પોતાના કામ પરત્વે **એકાગ્રતા થયા કરે છે તે જીવ મહાસુખિયો છે.** પણ જે કામ આવ્યું તે કામની એને ગરજ લાગવી જોઈએ. સહજમેળે એકાગ્રતા એ તો કોઈકને જ, ભાગ્યે જ, જવલ્લે જ, લાખોમાં કોઈકને-એકને જ થાય અને તે પણ 'અનુભવી' માણસ હોય તેને. બાકી, સામાન્ય માણસોએ એકાગ્રતાને માટે પ્રયત્ન કરવો જ પડશે. એ પણ પ્રયત્નમાં એવો જ માણસ ફાવી શકશે કે જેને ગરજ, સ્વાર્થ લાગેલાં હશે. વળી એ પણ પુરુષાર્થ વિના નહિ-મહેનત વિના નહિ, સિવાય કે તમારો એટલો બધો તલસાટ હોય ! તલસાટ હોય તો એકાગ્રતા જલદી થાય અથવા તો વધારે ગાઢ થાય.

એકાગ્રતા જ્યારે ગાઢ થાય ત્યારે તમારા પ્રશ્નનો અથવા તમારે જે કામ હોય તેનો ઉકેલ પણ જલદી કરી આપે. એટલું જ નહિ, પણ એ કામ પણ સરળતાથી થાય અને સારું થાય. સીધા પાટા ઉપર આપણું કામ ચડાવી દે.

એકાગ્રતા થાય ત્યારે તે આપણા પૂરતી જ સીમિત રહેતી નથી. એ પ્રસરે છે. જેમ કામ, ક્રોધ, લોભ, મોહ થાય છે, તે આપણા પોતાનામાં જ રહેતા નથી એ પ્રસાર પામે છે. ફૂલની સુવાસની જેમ વા આવે એટલે બધે પ્રસરે છે એવી રીતે આ એકાગ્રતાનો ગુણ પ્રસરનારો છે.

આપણને જ્યારે એકાગ્રતા થાય ત્યારે બીજાને પણ પરખાઈ આવે એવી હોય છે. એકાગ્રતાનાં ચિહ્ન આપણા મોં ઉપર, આપણી આંખમાં અને આપણી બોલીમાં પણ વરતાય છે. આપણા કામમાં વરતાય છે. એકાગ્રતાથી કોઈ જાતનો ગેરલાભ નથી. કેટલાક ગુણ એવા છે કે કોઈક ગેરલાભ પણ થાય, પણ એકાગ્રતાથી તો માત્ર લાભ જ છે.

એકાગ્રતાને કારણે આપણે આપણા કામને સિન્સિયરલી (સંનિષ્ઠાથી) ઑનેસ્ટલી (પ્રામાણિકતાથી) અને ડિવોશનલી (ભક્તિ-ભાવથી) પાર પાડીએ છીએ. તમારા હાથ નીચેના માણસો જલદી કામ કરતાં થઈ જશે. આપણે પોતે જો એકાગ્ર ન હોઈએ તો આપણાં કામ અને સમય ઊડઝૂડિયા રીતે ગાળીએ છીએ. સમૂહગત કાર્યમાં આપણને જાગેલી એકાગ્રતાથી કામમાં ગરબડ ઓછી થાય છે.

મૂળે એકાગ્રતા તો આત્માની સાથે સંકળાયેલી છે. એકાગ્રતા આત્માનો એક સ્વભાવ છે - આત્માનું એક લક્ષણ છે.

'અગ્રતા-એકાગ્રતા', પ્ર.આ. પૃ. ૧૭ ❑

## (૧૮) દુઃખમાંથી સુખ

**શ્રીઉપાસની બાબા**

શિરડીમાં હતો ત્યારે મારાથી સહન થાય નહિ એવી માનસિક કષ્ટની જ્યારે સ્થિતિ થઈ, ત્યારે મારે સાંઈબાબાને કહેવું પડ્યું કે 'મને જે કાંઈ ત્રાસ થાય છે, તે મારાથી સહન થતો નથી.' આવું કહ્યાથી તે બોલ્યા, 'હમણાં તને જેટલું કષ્ટ થાય છે તે સહન કર. આગળ એનાથી અનેકગણું સુખ જ સુખ છે. તારા સમાન સુખ છે કોનું ?' વગેરે સાંભળી લઈ હું મારે સહન કરતો પડી રહ્યો હતો.

કષ્ટથી પણ અત્યંત કષ્ટ જેમાં છે એવું દુઃખ હંમેશાં ભોગવતાં રહી જે મારો ભક્ત હશે, તે જ મારા પદે પહોંચી પુનઃ તેને જન્મ નથી એવું શાસ્ત્રવિધાન છે.

મનુષ્યજન્મમાં આવી સંસારવહેવાર કરતાં ઐહિક સુખની બાજુ તો નથી જ, પરંતુ અનેક દુઃખ પરંપરા જ ભોગવતાં ભોગવતાં જીવથી મર્યા જેવો થઈ સ્વતઃ જ દુઃખરૂપ જ્યારે થઈ જાય છે અને તે વખતે પરમેશ્વરનો જ જેને ધ્યાસ હોય છે તે વખતે તે જ સુખ ભોગવવા લાયક એવા ઈશ્વરી શરીરરૂપે અખંડ સુખનો અધિકારી બને છે.

સંસારમાં આવી, સ્વધર્મને અનુસરી સત્કર્મ કરતાં રહી સંસાર અને ઐહિક સુખનો વ્યવહાર કરવો અને આમ કરતાં જે કષ્ટ આવે તે સહન કરી પરમેશ્વર સમાન સદ્‌ગુરુને છેવટ સુધી છોડવા નહિ.

આવા સંકટ સમયે બીજું કાંઈ ન મળે તો પાણી પીને કોઈપણ રીતે સમય કાઢી નાંખવો અને પ્રભુભક્તિમાં લાગી જઈ, પોતે જ પોતાની કર્મદશા પણ ભોગવી લેવી. વિષયોની આશા છોડવી પરંતુ **સંતચરણ સંગતિ ક્યારેય પણ ન છોડવી.**

પરમેશ્વરની ઈચ્છાથી જેને પરમેશ્વરી સુખની પ્રાપ્તિ થવાની હોય અને તે પણ સંસારનાં દુઃખો દ્વારા જ થવાની હોય તો તે દુઃખની ઉત્પત્તિનું કારણ પણ પરમેશ્વર જ હોય છે. પ્રહ્‌લાદ, હરિશ્ચંદ્ર વગેરે કે જેના ઉપર જે દુઃખના પ્રસંગો આવ્યા હતા. તે દુઃખનો પ્રવાહ પરમેશ્વરની બાજુએથી જ હતો. માટે તે દુઃખના પરિણામ રૂપે આગળ ઉપર પરમેશ્વરી સુખનો લાભ મળ્યો.

પરમેશ્વરના સંબંધમાં રહી સાત્ત્વિક વૃત્તિથી અનેક ભક્તિમાર્ગાદિ સત્કર્મો કરતા રહીએ તો આગળ ઈશ્વરી ખરા સુખ માટે ઈશ્વરી ઈચ્છાનું દુઃખ આવે છે. આવા દુઃખની નિશાની કઈ ? તો કેટલાંએ દુઃખો કે સંકટોનો કંટાળો ન આવતાં તેમાં એક પ્રકારનો આનંદ જ હોય છે. આવા સમયે પરમેશ્વરના ગુણાનુવાદની પણ હોંસ થાય છે.

સ્વધર્મને અનુસરી ઈશ્વરસંબંધી કરેલાં સત્કર્મોના યોગે આવનારાં દુઃખોને કૃત્રિમ દુઃખો સમજવાં નહિ, દામાજી પંત જેવાએ સરકારી ધાન્ય લૂંટવાની જે સત્‌ક્રિયા કરી, તે સત્‌ક્રિયા પરમેશ્વરસંબંધી હોવાથી તેના યોગે આવેલાં દુઃખ સંકટોને કૃત્રિમ સમજવાં નહિ.

બીજા લોકો જે દુઃખો ભોગવે છે તે તે તેમનાં દુષ્ટ કર્મોથી બનેલા પ્રારબ્ધયોગે તેમ જ અનેક વિષયવાસનાના યોગે, પાપાચરણના યોગે આવેલાં હોય છે. વ્યવહારનાં દુઃખો કૃત્રિમ સમજવાં. એવાં દુઃખો પરમેશ્વરી ખરા સુખ માટે ઉપયોગી થતાં નથી. સુખભોગ લેવા આસક્ત થવું અને તે માટે ક્રિયા કરવી એ જ વ્યવહારમાં દુઃખોત્પત્તિનું કારણ બને છે.

'ઉપાસની વાક્‌સુધા-૨', પ્ર. આ., પૃ. ૨૮૦ ❑

## (૧૯) ત્યાગ વધારીએ અને સ્વાર્થ ઘટાડીએ એનું નામ ધર્મ ! શ્રીમોટા

આપણા સમાજમાં હું તો ઘણે ઠેકાણે ફર્યો છું. ગાઢ જંગલમાં પણ ગયો છું. એવા જંગલમાં પણ રામ અને હનુમાનનાં ચિત્રો પથ્થરોમાં કોતરેલાં નજરે પડ્યાં છે. એવી ભાવના પડેલી છે.

જગતમાં આઘાત અને પ્રત્યાઘાત. Action અને Reactionનો નિયમ છે. આફ્રિકા દેશમાં અને આપણા દેશમાં પણ જે જુલમ થયો છે, તે નાશ નહિ પામે. ભલે અંગ્રેજો એમ સમજતા હોય પણ એનું રાજ, એની સત્તા જ્યારે પડશે ત્યારે સમાજની બહુ બૂરી વલે થશે. ત્યારે સ્વાર્થ એકલો, એ મુખ્ય વાત નથી. પરમાર્થ પણ જરૂરી છે.

આપણે સમાજમાં એકબીજા સાથે સંકળાયેલાં છીએ. સ્વાર્થીના કેવા હાલ થાય છે, એ આપણા શાસ્ત્રકારોએ ઘણા પ્રકારે સમજાવ્યું છે. સ્વાર્થ સાથે પરમાર્થ પણ કરવો જોઈએ. તે પણ સમજીને, દેખાદેખીથી નહિ, પણ એ આપણો ધર્મ છે એમ સમજીને કરીએ. જેમ આપણે પાણી પીએ છીએ પોતાને માટે, એ આપણો ધર્મ છે. એવી રીતે આપણે સમાજને શક્ય તેટલી મદદ કરવી તે પણ આપણો ધર્મ છે.

એક તરફ આપણે સ્વાર્થ ઓછો કરતા જઈએ અને બીજી તરફ સત્કર્મ, સદ્વાંચન, સત્સંગ વગેરે વધારતા જઈએ તો એ ફળે છે. રાગદ્વેષ, કામક્રોધ વગેરે હઠ્યા વિના જીવનનો ઉઠાવ નહિ થાય. માત્ર આપણે કથા સાંભળવા જઈએ, મંદિરે જઈએ, પૂજાપાઠ કરીએ તેથી કંઈ નહિ વળે. સાથે સાથે આપણે સ્મરણ-મનન કરીએ તે વધારે સારું. **સ્મરણમાં બહુ શક્તિ છે. સ્મરણથી રાગદ્વેષ મોળા પડશે** અને ધર્મનું પાલન થશે. **ત્યાગ વધારીએ અને સ્વાર્થ ઘટાડીએ એનું નામ ધર્મ.**

ધર્મવાળું જીવન તેજસ્વી હોય છે, પણ એ જીવન માટેની ભૂખ જાગે નહિ ત્યાં સુધી કાંઈ કશું વળે નહિ. એના માટે રાગદ્વેષ વગેરે ઓછા થવા જોઈએ. એ ઓછા થાય તો કાંઈ થાય.

રાગદ્વેષ મોળા પડી જાય તે પછી ગમે તેટલાં વિઘ્નો આવે, ગમે તેવા સંજોગો આવે, છતાં મનની શાંતિ અખંડ રહે છે. એની મઝા કંઈ ઓર છે. વધુ તો શું કહું ? **મનુષ્યજીવન વિષે વિચારવાની તમારી સદ્બુદ્ધિ જાગે એ જ પ્રાર્થના !**

હું પ્રવચન ન રાખું તો મિત્રો વગેરે કોઈ આવે નહિ. આવે તો કાંઈ વાત કરું પણ એમને એમનાં બૈરીછોકરાં પર જેટલો રાગ છે, પૈસાનો જેટલો મોહ છે, તેટલો મારા પર નથી. મારે તો મારો ભગવાન મને મદદ કરી રહ્યો છે એ અનુભવ થાય છે. પ્રયોગથી વાત સાચી સમજાય છે.

મને સમાજની સેવા કરવાનો અભરખો નથી, પણ એ નિમિત્તે આ તો એણે જ સૂચવેલા પ્રયોગો થઈ રહ્યા છે. ધર્મ માટે ગુણ અને ભાવના પ્રગટે એવા પ્રયત્નો એની કૃપાથી થઈ રહ્યા છે. એવી ઘેલછા કહો તો ઘેલછા, મને પોતાને છે.

'સ્વજનોને સંબોધન', પ્ર. આ., પૃ. ૫૪ ❑

## (૨૦) તમે આ લત છોડી શકતા નથી ?

**શ્રી કાર્તિકેય અ. ભટ્ટ**

નડિયાદમાં રહેતા, ધીકતો ધંધો કરતા એક વેપારીના જીવનનો એક પ્રસંગ છે. આ વેપારીને દારૂ પીવાની બૂરી લત. પત્નીની વિનંતી - કાકલૂદીને ધ્યાનમાં લે નહીં, 'દારૂ તમારા જીવનને ખાઈ જશે. તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડશે.' પરંતુ પત્નીની આ વાત કાને ધરે ભારે ને ? રાજ્યમાં દારૂબંધીનો કાયદો આવ્યા પછી પણ તેમણે યેનકેનપ્રકારેણ દારૂ પીવાનું ચાલુ રાખ્યું. પત્નીને કહેતા, 'જીવન સાથે આ લત જડાઈ ગઈ છે, એ છૂટે તેમ લાગતું નથી.' આખરે ભારે માંદગીમાં પટકાયા. વેપાર અંગે ચેક લખવા પડે તે પણ લખી ન શકાય. હાથ ધ્રુજે એવી સ્થિતિ દેહની થઈ. સંજોગોવશાત્ કોઈ કામ અંગે શ્રીમોટા આમને ત્યાં જઈ ચડ્યા. પત્નીએ ઉપરોક્ત પરિસ્થિતિની શ્રીમોટાને વાત કરી તથા તેમની લત છોડાવવા માટે શ્રીમોટાને હ્રદયભરી પ્રાર્થના કરી. શ્રીમોટા આગ્રહપૂર્વક એ ભાઈના કક્ષમાં ગયા. જોયું તો ભાઈ સાહેબના મોંમાં દારૂની બાટલી હતી. શ્રીમોટા બોલ્યા, 'આ શું ? આવી માંદગીમાં પણ તમે આ લત છોડી શકતા નથી ?' ભાઈ બોલ્યા, 'તો છોડાવો ને લત ?' હું શું કરું ? મારાથી છોડાતી નથી એ હકીકત છે ? ઘરમાંથી જતી વખતે શ્રીમોટાએ બહેન પાસેથી પાણી માંગ્યું. તે બહેનને આપીને કહ્યું, 'બહેન ! આ પાણી તેમને પાજે.' બહેને શ્રદ્ધાપૂર્વક આ કર્યું. પરિણામ એ આવ્યું કે આ પાણી પીધા પછી જ્યારે આ ભાઈ દારૂ પીવા જાય ત્યારે તેમને તે બેસ્વાદ લાગે. આને કારણે એમને દારૂ પ્રત્યે નફરત જાગી અને દારૂનો સદંતર ત્યાગ કર્યો. વખત જતાં આ ભાઈ શ્રીમોટાના પરમ ભક્ત બન્યા.

આવો જ પ્રસંગ ગિરીશ ઘોષનો નોંધાયો છે. તમામ પ્રકારના દુર્ગુણોથી યુક્ત ગિરીશ ઘોષે એક વારંગનાને ત્યાં ખૂબ મદિરાપાન કર્યું. પછી રાત્રે દક્ષિણેશ્વર શ્રી રામકૃષ્ણ પાસે પહોંચ્યા. ઘોડાગાડીમાં મદિરાની શીશી સાથે લાવેલા ગિરીશે ઠાકુરનાં ચરણોમાં પડી પ્રશ્ચાત્તાપપૂર્વક ખૂબ જ રુદન કર્યું. અચાનક જ તેમને મદિરા પીવાની તીવ્ર તૃષ્ણા જાગી. શ્રીરામકૃષ્ણે સસ્મિત તેને મદિરા પીવા આપી. ઠાકુરની હાજરીમાં ગિરીશ બેશરમરીથી વધુ ને વધુ મદિરા પીવા લાગ્યા. ઠાકુરે કહ્યું, 'મનભરી મદિરા પી લે ! હવે પીવાનું લાંબુ ચાલશે નહિ.' આ ઘટના પછી ગિરીશની મદિરા પીવાની લત-આદત ધીમે ધીમે છૂટી ગઈ. પાછળથી શ્રીરામકૃષ્ણના અનન્ય ભક્તોમાં શ્રી ગિરીશ ઘોષ સ્થાન પામ્યા.

વર્ષો પહેલાં નડિયાદ મુકામે યોજાયેલા શ્રીમોટાના ઉત્સવમાં સાક્ષી બનનાર શ્રી ઈન્દ્ર વસાવડા લખે છે કે ચમત્કાર વિશેને કોઈ જિજ્ઞાસુના પ્રશ્નના ઉત્તરમાં શ્રીમોટાએ કહ્યું હતું, 'ચમત્કાર ! સ્વામી સહજાનંદે પેલા ચોર લૂંટારાનું જીવન પલટી નાંખ્યું. તેણે પોતાનો ધંધો છોડી દીધો. એટલું જ નહીં તેમનો પરમ ભક્ત બન્યો અને સેવાનાં અનેક કાર્યોમાં તેમને સાથ આપી મહાન સંત બન્યો. શું એ મહાન ચમત્કાર નથી ? આથી મોટો ચમત્કાર કયો હોઈ શકે ?' ❏



## કર્તાભાવ વગરનું કર્મ

શરીરથી ક્યાંય આવવા જવાની વાત જ નથી. સંન્યાસ ચિત્તનો વિષય છે, દેહનો નથી. સંન્યસ્ત ચિત્ત સર્વથા, સર્વદા, સર્વ વિશે નિઃસંગ હોય છે. અમારો અભિપ્રાય ચિત્તના સંન્યાસનો હતો.

શરીરે નૈષ્કર્મ્ય સિદ્ધ થવું ઘટે. એટલે કે દેહધર્મ અતિરિક્ત કોઈ પણ ક્રિયા-કર્મ ન કરીએ તોયે સાવધાન સંતુલિત અવસ્થા અભંગ રહે. વિદ્યાધ્યયન, લેખન કે સંતવાણીનું શ્રવણ પણ બુદ્ધિ માટે આલંબન ન બને...

વિચારમુક્ત, શબ્દમુક્ત ચેતનાનો આયામ બને. કર્તાભાવ વગરનું કર્મ થાય તે જોવું.

- વિમલા ઠકાર




'ધન્વન્તરિની સ્નેહવર્ષા', પ્ર. આ., પૃ. ૧૮

**HARIBHAV, JUNE, 2023**

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2021-2023
Valid upto 31st December - 2023 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2021-2023
valid upto 31-12-2023





ઉમળકાથી અમે કરેલું છે, નિરાશાને તો અમે સ્વપ્ને ન જાણી છે,
આવેલા કામને પૂરા હર્ષથી સ્વીકાર્યું છે, ગુરુમહારાજ ઉરના આનંદથી પાળ્યો.

તારીખ : ૨૨-૭-૧૯૭૬ - શ્રીમોટા

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered Please return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007